श्री

ज्ञानदीप.



प्रसिद्ध कर्ता.

गंगाशंकर करुणाशंकर भट्ट.

अमदावाद.

श्री

ज्ञानदीप.

रचनार,

स्वर्गवासी शास्त्री वैद्यनाथ राजाराम भट्ट.

भाषान्तर कर्ता,

छोटालाल नरभेराम भट्ट आमोद.

श्लोक.

युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिव त्याज्यमप्युक्तं पद्मयोनिना ॥ १ ॥

श्री योगवासिष्ठम ।

छपावी प्रसिद्ध कर्ता,

गंगाशंकर करुणाशंकर भट्ट अमदावाद.

आवृत्ति १ लीं.   प्रत ५००.

वि. सं. १९७०.   सने १९१४

कींमत चार आना.

अमदावाद—श्री डायमंड ज्युबिली प्रिन्टींग प्रेसमां
परिख देवीदास छगनलाले छाप्युं.



स्वर्गवासी शास्त्री वैजनाथ राजाराम भट्ट नैयायिक.

जन्म, विक्रम सं. १८७३.] [मरण, विक्रम सं. १९४८.

ગ્રંથકર્તાનું ટુંકું જીવન ચરિત્ર.

આ નાના પણ સત્યશોધક ગ્રંથના રચનાર સ્વર્ગવાસી શાસ્ત્રી વૈદ્યનાથ રાજારામનું જીવન-ચરિત્ર ઘણું બોધપ્રદ અને જાણવા જેવું છે પણ તે અત્રે સવિસ્તર આપવાનું બને તેમ નથી કેમ કે શાસ્ત્રીજીનો સ્વર્ગવાસ વિક્રમ સંવત્ ૧૯૪૮ માં થયો તે વખતે સ્વર્ગવાસ થતા પહેલાં થોડા દિવસ અગાઉ શ્રીયુત્ ગણપતરામ અનુપરામે (પેન્શનર ડેપ્યુટી એજયુકેશનલ ઈન્સ્પેકટર જેઓ આમોદના બાલ્યકાળના વતની હોઇ હાલ સુરતમાં રહે છે) તેમનું સમગ્ર ચરિત્ર તેમને મોઢેથી લખી લેવાની સૂચના કરી હતી. અને તદનુસાર તે લખાવવાને મેં મર્હુમને પ્રાર્થના કરી, તેના જવાબમાં તેમણે જણાવ્યું કે, "મારા સ્વજ્ઞાતિ અને બાળસ્નેહી જયેષ્ઠારામ ગુણુસાગર પાસે તે સવિસ્તર લખેલું છે તે મેળવી લેવું." આ પછી થોડા દિવસે તેમનું અવસાન થયું અને તે પછી તેમની સૂચના પ્રમાણે જયેષ્ઠારામ ગુણુસાગર પાસે તપાસ કરી પણ તે મળી શક્યું નહિ. જેથી પાછળથી ઘણોજ પશ્ચાત્તાપ થયો. જે અદ્યાપિ મટતો નથી, અને એ કારણને લઇને હવે જે કાંઇ થોડી ઘણી હકીકત મળી શકી છે તે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

એમનો જન્મ વિક્રમ સંવત્ ૧૮૭૩ ના કાર્તિક શુદી ૧૫ને રોજ જંબુસર તાલુકાના ગજેરા ગામમાં તેમના મોસાળમાં થયો હતો. તેમના પિતાનું નામ રાજારામ હતું. અને માતાનું

નામ પ્રાણકોર હતું. લગભગ દશ વર્ષની ઉમ્મર થઇ ત્યારે તેમની માતાનો સ્વર્ગવાસ કોલેરાથી થયો હતો. અને તેમના પિતા લગભગ તમની ૪૩ વર્ષની ઉમ્મર થયાબાદ સ્વર્ગવાસી થયા હતા.

બાલ્યકાળમાં તે જમાનામાં ચાલતી ગામઠી ગુજરાતી સ્કુલમાં શિક્ષણ લઇને સંસ્કૃત ભાષાનો વધુ અભ્યાસ કરવાને તેઓ દશેક વર્ષની ઉમ્મરે વડોદરે ગયા હતા. આમોદમાં એમની જ્ઞાતિ સંસ્કૃત વિદ્યામાં ઘણી અગ્રગણ્ય હતી. અને આમોદને નાના કાશીની ઉપમા એ જ્ઞાતિએજ અપાવી હતી. એ સ્પર્ધાએ તેમને પણ પરદેશ-ગમન કરીને અને કષ્ટ ખમીને વિદ્યાભ્યાસ કરવાને ઉત્તેજીત કર્યા હતા. એમના પિતાની સ્થિતિ ઉદરનિર્વાહ કરતાં વધારે ખર્ચ કરી શકે એવી નહોતી; તેથી આકાશ-વૃત્તિથીજ અભ્યાસ કરવાનું સાહસ ખેડીને તેઓએ પોતાનું ગામ અને ઘર છોડયું હતું. વડોદરામાં અમુક વખત સુધી અભ્યાસ કરી તેઓ પેટલાદ ગયા હતા. અને ત્યાંથી પછી વધુ અભ્યાસને માટે પુનાની સંસ્કૃત પાઠશાળામાં જઇને અભ્યાસ કર્યો હતો. અને એ પ્રમાણેનો સઘળો વખત તેમણે માધુકરી ભિક્ષાથી અને બીજી રીતે અન્ન તેમજ વસ્ત્ર મેળવીને પોતાનો નિર્વાહ અને અભ્યાસ ચલાવ્યો હતો. ઘર તરફથી કશી મદદ માગી નહોતી. પુનામાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી ન્યાયશાસ્ત્રીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. પુનામાં તેમના સારા અભ્યાસને લીધે તેમને પાંચ રૂપીઆ માસિક સ્કોલરશીપ મળતી હતી. તેમની માતાના ગુજરી ગયા

પછી પિતાની ગરીબાઇને લીધે તેમને ઘણુંજ ખમવું પડયું હતું. તેઓને તરવાનો ઘણો શોખ હતો. અને એક વખત નર્મદા નદીને એક કાંઠેથી તરીને બીજે કાંઠે નીકળ્યાની; તથા પોતાનો સોબતી જે સાથે હતો, તે પાછળ રહી ગયો હતો તેમજ થાકી ગયો હતો. તેને પાછાં સામે જઇ બચાવી લાવ્યાની વાત તેઓ ઘણીવાર કહેતા. પુનામાં અભ્યાસ કરવા ગયા તે અગાઉ વચમાં તેમનું પેહેલી વારનું લગ્ન દક્ષિણમાં ચેવલા ગામમાં થયું હતું. પુનેથી તેઓ મુંબાઇ આવ્યા હતા. અને ત્યાં શાસ્ત્રીઓની મળતી સભાઓમાં તેઓ હાજરી આપવા લાગ્યા હતા. તે પ્રસંગોની તેમની શક્તિ જોઈને ગોસાંઈજી મહારાજશ્રી ગોરધનલાલજી મહારાજે તેમના લાલજી (દીકરા) જીવણલાલજી મહારાજને ભણાવવા સારૂં તેમને રોકયા. એ વખતે જીવણલાલજી મહારાજ બાલ્યાવસ્થામાં હતા અને પૂર્ણ સુખ તથા વૈભવથી મોઢે ચઢેલા હોવાથી કોઈ પણ શિક્ષકની મર્યાદા સાચવી અભ્યાસમાં લક્ષ આપતા નહોતા. પણ આ શાસ્ત્રીજીનો ભવ્ય અને કદાવર બાંધો તથા શારીરિક અને માનસિક શક્તિથી તેઓ માહુત થયા. અને છેવટ પર્યંત ઘણો સારો અભ્યાસ કર્યો. એટલુંજ નહિ પણ પોતાના અવસાન પર્યંત તેમને પોતાની પાસેથી ખસવા દીધા નહોતા. વચમાં તેમણે શાસ્ત્રીજીને તેમના પિતા અને કુટુમ્બ સહિત પોતાની સાથે રાખીને ગોકુળ, મથુરાં, કાશી વિગેરેની યાત્રા કરાવી હતી. અને તે વખતે રેલ્વેનું સાધન પુરતું નહિ હોવાથી એ મુસાફરી તેમણે બળદ ગાડીમાં કરી હતી. આ મુસાફરીનો

વખત સને ૧૮૫૭ના બળવાનો હતો. બળવા વખતે તેઓ મથુરામાં હતા. અને બળવાખોરોને દાબવા માટે ઈંગ્રેજ સરકારનું લશ્કર જે દિવસે મથુરામાંથી પસાર થયું, તે દિવસે આખા શહેરના લોકોએ પોતાનાં બારણાં બંધ કર્યાં હતાં અને બહાર નીકળ્યા નહોતા. એમ તેઓ કહેતા હતા. ત્યાં મથુરામાંજ તેમની ભાગીરથી નામે એક દીકરીનો જન્મ થયો હતો. અને બળવાની અશાંતિના કારણને લીધે તેમજ બીજાં કેટલાંએક કારણને લીધે તેમણે બે વર્ષ જેટલો વખત મથુરામાં ગાળ્યો હતો. અને આ ગ્રંથ તેમણે તેજ અરસામાં મથુરામાં લખ્યો છે, એમ તેના છેલ્લા શ્લોક ઉપરથી ચોક્કસ જણાય છે.

મહારાજશ્રી જીવણલાલજી સારા વિદ્વાન થયા હતા. તેમને મુસાફરીનો અને સંગીતનો ઘણોજ શોખ હતો. શાસ્ત્રી મહારાજને સાથે રાખીને તેમણે દક્ષિણ, કોંકણ, હિંદુસ્થાન, મારવાડ, મેવાડ, કાઠિયાવાડ અને કચ્છમાં પણ મુસાફરી કરી હતી. જીવણલાલજી મહારાજ પોતે શીતાર એવો સારો વગાડતા હતા કે આખા હિંદુસ્થાનમાં તેમણે એ બાબતમાં સર્વત્ર શ્રેષ્ઠ હોવાની નામના મેળવી હતી. વળી મુંબાઇમાં હતા, તે દરમ્યાન ડૉ. ભાઉ દાજી, પંડિત ભગવાનલાલ ઇંદ્રજી, કેરો લક્ષ્મણ છત્રે, કવિ નર્મદાશંકર અને બીજા ઘણા ધનાઢય તેમજ વિદ્વાન માણસોની સાથે સારો સ્નેહ અને પરિચય હતો. સુધારાનો અને પ્રાચીન મતનો ધાર્મિક ઝઘડો એ વખતે મુંબાઇમાં પુરજોશમાં ચાલતો હતો. અને મહારાજા લાયબલ કેશમાં તેમને અમુક પક્ષ તરફથી સાક્ષીમાં જવાનો સંભવ ઉપસ્થિત થતાં

તેઓએ તે ઘણી યુક્તિથી ચુકાવ્યો હતો. ન્યાયશાસ્ત્રના અભ્યાસથી હરેક વાતમાં નિષ્પક્ષપાત પ્રમાણ જોવાની ટેવ હોવાથી બેઉ બાજુએ તેઓ સત્યના અંશને અમુક અમુક બાજુએ જોતા, અને તેથી બેઉ પક્ષ તેમને અમુક અંશે પોતાના માની તેમના પ્રત્યે પ્રીતિ ધરાવતા હતા. કવિ નર્મદાશંકર, કવિ સવિતાનારાયણ અને કવિ દલપતરામના સહવાસમાં પણ તેઓ થોડે ઘણે અંશે આવ્યા હતા. સ્વામીનારાયણના સંપ્રદાયની સ્થાપના અને વધતા જતા પ્રવાહનો પણ તેજ વખત હતો. સહજાનંદ સ્વામીની સાથે પણ તેમને પરિચય થયો હતો. વલ્લભી સંપ્રદાયના ઘણા ધનવાન અને વિદ્વાન ભાટીયા ગૃહસ્થોની સાથે પણ તેમને સારો પરિચય હતો. અને તેઓ એમને ઘણુંજ ચાહતા હતા. શેરસટ્ટાનો જોસ ભરેલો પવન જે વખતનો ઇતિહાસ મી. વાચ્છાએ લખ્યો છે, તે વખતે પણ તેઓ મુંબઈમાં હતા. એઓ પોતે શેરસટ્ટામાં પડ્યા નહોતા. મહારાજને પડવા દીધા નહોતા અને બીજા જેઓ શરૂઆતમાં શેરસટ્ટામાં અજબ પમાડે એવો ગજબ નફો કરતા હતા; તેઓ મહારાજશ્રીને તેમજ એમને સેંકડો રૂપીયાની નવાજેશો કરતા હતા.

આ પ્રમાણે વખતના વેહેવા સાથે જીવણલાલજી મહારાજની પચાસ વર્ષની ઉમ્મર થતાં તેમનો સ્વર્ગવાસ થયો હતો. અને તે દરમ્યાન શાસ્ત્રીજીનાં પેહેલીવારનાં પત્નીનો સ્વર્ગવાસ થવાથી તેમણે બીજીવાર લગ્ન કર્યું હતું અને બીજીવાર લગ્ન કર્યાં પછી મહારાજનો સ્વર્ગવાસ થવાથી તેમણે મુંબઇ છોડી

વિક્રમ સંવત્ ૧૯૩૦ માં પોતાના અસલ વતન આમોદ ગામમાં કુટુમ્બ સાથે આવીને નિર્વાસ કર્યો હતો.

આમોદમાં આવ્યા પછી દ્રવ્યોપાર્જનને માટે તેમણે કાંઇ પણ ખાસ પ્રયત્ન કર્યો નથી. અને વાનપ્રસ્થ જેવી જીંદગી ગાળતા હતા. જે કાંઇ રોકડ રકમ તેમની પાસે હતી તેમાંથી જમીન રાખી તેના દાંણુમાંથી તેમજ વ્યાજમાંથી પોતાનો નિર્વાહ ચલાવતા. અને જે શિષ્યો ગામ પરગામના તેમની પાસે અભ્યાસને અર્થે આવતા તેમને કાંઇ પણ બદલો લીધા સિવાય બપોરના ત્રણથી તે છ સુધી અભ્યાસ કરાવતા હતા. એ પ્રમાણે દિવસો નિર્ગમન કરતાં તેમનું વય લગભગ ૭૨ વર્ષનું થયું, ત્યાંસુધી તેમના શરીરનું સ્વાસ્થ્ય સચવાઇ રહ્યું હતું, તેઓ મિતાહારી, મિતભાષી અને યુક્તિપૂર્વક કાર્ય–સાધના કરવાવાળા સ્વભાવના હતા. મૃત્યુ પહેલાં બે ત્રણ વર્ષ અગાઉ તેમની શરીર–શક્તિ ઘટી ગઇ હતી. તો પણ દાંત, આંખ અને કાન, એ ત્રણે ઇંદ્રિયો છેવટ સુધી આબાદ હાલતમાં હતી. અને તે ખાસ એમના નિયમિત વર્તનના પુરાવારૂપ હતી.

એમના શરીરની ઉંચાઇ, આકૃતિ અને ચ્હેરો ભવ્ય હતાં જે આ પુસ્તકમાં આપેલા તેમના ફોટા ઉપરથી સ્પષ્ટ જણાય છે. એમણે મુંબઇમાં હતા તે વખતે ઘણી સભાઓમાં અને ભાગવતની સપ્તાહોમાં અનેકવાર આગળ પડતો ભાગ લીધો હતો. મુંબઇના પ્રસિદ્ધ બુકસેલર પંડિત જયેષ્ઠારામ મુકુંદજી તેમના ગાઢ મિત્ર હતા. તેમજ વૈદ મોરારજી નથુભાઇ,

જે મુંબાઈમાં એક સારા વૈદ્ય તરીકે કોટમાં દવાખાનું ચલાવતા હતા; તે તેમના શિષ્ય હતા. શાસ્ત્રીજીને જેમની સાથે સ્નેહ થયો હતો તેમનો સ્નેહ આજન્મ ટકાવી રાખ્યો હતો. તેમના રચેલા ગ્રંથોમાંથી सत्संगविजय, मिथ्याब्धि, અને આ ज्ञानदीप એ મને મુખ્ય યાદ છે. કેટલાંએક વર્ષ ઉપર ભગવદ્ ગીતાની અને બીજાં કેટલાંક પુસ્તકોની ટીકાઓ તેમણે કરાવેલી છપાઈ હતી. જે હવે હાથ લાગવી મુશ્કેલ છે. તેઓ સ્વભાવે સરળ, આનંદી અને સ્નેહાળ હતા. આમોદમાં આવ્યા પછી પણ તેમણે ઘણા શિષ્યોને સંસ્કૃત અભ્યાસ કરાવ્યો હતો. કાવ્ય, વ્યાકરણ તેમજ तर्क संग्रह જેવાં પુસ્તકોનો પાઠ આપતી વખતે તેમને પુસ્તકની મદદ લેવી પડતી નહિ. સઘળું કંઠાગ્રજ હતું. તેમને બે ત્રણ પુત્રો થયેલા હતા, તે તેમની હયાતીમાંજ ગત થઈ ગયા હતા. અને માત્ર ચાર દિકરીઓજ હયાત હતી. તે પૈકી જીવકોર, ભાગીરથી, અને કાશીબ્હેન એ ત્રણે સંતાનરહિત વિધવાઓ હતી. અને ચોથી રૂકિમણીબ્હેન સધવા હતી. હાલ ભાગીરથી અને રૂકિમણી હયાત છે. સૌ. રૂકિમણીબ્હેનને કૃષ્ણચંદ્ર નામે એક સોળ વર્ષનો પુત્ર છે. તેમનાં બીજીવારનાં ધર્મપત્ની ગયે વર્ષે પંચોતેર વર્ષની ઉમ્મર ભોગવી સ્વર્ગવાસી થયાં છે. તેમનું નામ પાર્વતી હતું. તેઓનો સ્વભાવ અને ચારિત્ર સઘળી રીતે અનુકરણીય હતાં. ટુંકામાં આ સંસ્કૃત ભાષાના સમુદ્ર રૂપી પુરૂષના આખા કુટુમ્બનાં બધાં માણસો રત્નરૂપ હતાં. અને તેમની ત્રીજી પુત્રી કાશીબ્હેન બાળવિધવા હતાં. પણ તેમનું ધર્મ સંબંધી જ્ઞાન

અને વિચારશક્તિ ઘણાં ઉત્તમ હતાં. તથા તે સાથે તેમના સ્વભાવની ઉત્તમતા અવર્ણનીય હતી. વળી બ્હેન ભાગીરથી તેઓ કવિતા ઘણી સારી લખી શકતાં હતાં. પ્રસંગ વશાત્ તે પ્રસિદ્ધ કરવાની ઈચ્છા છે. જે તેમજ વચેટ દીકરી હાલ હયાત છે તે ઘણી કુશળતા પૂર્વક તેમનો ગૃહવ્યવહાર અને નાણાંનો વ્યવહાર હાલ સુધી ચલાવ્યે જાય છે. આ જન્મ ચરિત્રનો લેખક શાસ્ત્રીજીનો એક શિષ્ય છે. કોઇ પણ ધર્મ પ્રત્યે તેમને રાગદ્વેષ નહોતો. અને તેથીજ તેઓ સર્વની પ્રીતિ સંપાદન કરી શક્યા હતા. અવસાન વખતે તેમને કોઇ પણ જાતનો વ્યાધિ થયો નહોતો. માત્ર વૃદ્ધાવસ્થાની અશક્તિને લીધેજ પંચોતેર વર્ષની ઉમ્મરે વિક્રમ સંવત્ ૧૯૪૮ ના ફાગણ વદી ૧ ને રોજ આ ફાની દુનિયાનો તેમણે પરમ શાંતિપૂર્વક ત્યાગ કર્યો હતો. પ્રભુ તેમના આત્માને અમર શાંતિ આપો. તથાસ્તુ.

તા. ૧૪-૫-૧૪.

લખનાર,
તેમનો આભારી શિષ્ય
હરજીવન રાયચંદ શાહ. (આમોદ).

પ્રસ્તાવના.

આવા નાના નિબંધના ભાષાન્તરને યદ્યપિ પ્રસ્તાવનાની અગત્ય નથી, તથાપિ એમાં વર્ણેલા વિષયો એવા છે કે તે સંબંધે કાંઈ વિશેષ કહેવાની મને અગત્ય લાગે છે. શાસ્ત્રી શ્રી પાસે જ્યારે હું અભ્યાસ કરતો હતો ત્યારે મને તેમણે આ પુસ્તક બતાવ્યું હતું, જેના ઉપરથી મારા વિદ્યાર્થીઓની સહાયથી મેં એક નકલ ઉતારી રાખી હતી. આ ભાષાન્તર પણ તેજ નકલ ઉપરથી કરવામાં આવ્યું છે, કેમ કે તેમની અસલ પ્રત મળી શકી નહોતી.

ગ્રંથો લખનારના પોતાના ખાનગી વિચારો કેવા હોય છે તેનું દિગ્દર્શન તેના ગ્રંથો ઉપરથી કરવાનું કેટલાક વાસ્તવિક ધારે છે; અને જો કે હું એ મતને સર્વથા મળતો નથી, તથાપિ લેખકના વિચારોનું વલણ જો કાંઈ દેખાતું હોય તો તે આમાં તો દેખાય છે. એમ છતાં જેઓ તેમના પરિચયમાં આવેલા છે તેઓ સારી રીતે જાણતા હોવા જોઇએ કે શાસ્ત્રીજી છેક જૂની શૈલીના તેમ છેકજ નવી શૈલીના પણ નહોતા. એઓએ પૂનાની પાઠશાળામાં અધ્યયન કર્યું હતું. અને તે વખતમાં ગુજરાતમાં તથા દક્ષિણમાં નવીન સુધારાનાં કિરણ પ્રકાશવા માંડયાં હતાં, તેની અસરથી તેઓ પણ નિર્મુક્ત ન હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. તેમનો આ ગ્રંથ સુધારાઓને અનુકૂળજ છે. હમણાં સુધારાવાળાઓ સામાજિક સુધારણાને પ્રાધાન્ય આપી

યથેષ્ટ પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે તે વખત ધર્મને નામે ચાલતા વહેમોનું નિરસન કરવાના સુધારાને પ્રાધાન્ય અપાતું હતું એમ તે વખતના કેટલાક નિબંધાદિ જોવાથી માલમ પડે છે. જે અરસામાં આ પુસ્તક લખાયું તેજ વખતે તેને પ્રકટ કરવામાં આવ્યું હોત તો કદાચ તત્કાલોચિત કોઇને વિશેષ સહાયક થાત, આજ હવે વિદ્યાના વધારાની સાથે ઘણાક વહેમો નષ્ટ-પ્રાય થયા છે. એમ છતાં આ ગ્રંથમાં એવા કેટલાક વિષયોને સ્પર્શ કરવામાં આવ્યો છે કે જેના નિરાકરણ માટે આજ પણ વિચાર કરવો ઘટે છે. અને તેટલા અંશમાં આ ગ્રંથ આજ ઉપયોગી થઇ પડશે એમ હું માનું છું.

ગ્રંથકાર આરંભમાં "વિચાર કરવો" અહીંથી ઉપક્રમ કરીને "એટલા માટે વિચાર કરવો" એમ ઉપસંહાર કરે છે. તે ઉપ-રથી વિવાદવાળા વિષયોનો વિચાર કરી નિર્ણય કરવો, એ આ ગ્રંથનો વિષય છે એમ સ્પષ્ટ સમજાય છે. વિવાદવાળા વિષયો કયા કયા છે તે ઉદ્દેશ માત્રે કરીને આ ગ્રંથમાં બતાવ્યા છે. તેનો સંગ્રહ કરીએ તો પહેલા કિરણમાં—

૧. ઇશ્વર છે કે નહિ?

૨. વેદ પ્રમાણ છે કે નહિ? વેદમાં અને પુરાણમાં શા દોષો જોવામાં આવે છે? જ્યોતિષ સાથે પુરાણનો વિરોધ કયાં છે?

૩. કઈ વાત પ્રમાણ ને કઈ અપ્રમાણ માનવી?

૪. અનેક મતો શાથી ઉત્પન્ન થયા છે? તે મતોનાં નામ, પ્રકાર, અને પરસ્પર વિરોધ.

૫. સામાન્ય દિનચર્યાને લૌકિક નીતિનો ઉપદેશ.

૬. પૃથ્વી ગોળ છે એમ ગ્રહણ ઉપરથી સિદ્ધ કરી બતાવતાં રાહુ આદિકની કલ્પનાનું અસત્યત્વ.

૭. પુરાણાદિકોમાં વર્ણેલા ફલાદેશ, મંત્રસિદ્ધિ, ભૂતાદિના વહેમ, સુવર્ણસિદ્ધિ, પારસમણિની વાતો, એમાં સત્ય શું છે?

૮. પુનર્જન્મ છે કે નહિ?

મુખ્યતઃ ઉપરના વિષયો વિચારને માટે નિર્દિષ્ટ કર્યા છે. તથા તે ઉપર પોતે સિદ્ધાંત આપવા કરતાં કયે રસ્તે વિચાર કરવો તે બતાવવા ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે. એમાંનો પહેલો અને છેલ્લો વિષય તો એવો છે કે કેવળ યુક્તિવાદથી તેનો નિર્ણય થઇ શકે કે કેમ તેની મને તો શંકાજ છે. વેદો સ્વતઃપ્રમાણ છે કે પરતઃપ્રમાણ છે એ ઉપર પણ ઘણા વાદ-ગ્રંથો છે. જ્યોતિષ સાથે પુરાણોનો જે વિરોધ છે તેનો પરિહાર વિસ્તાર-ભયથી યદ્યપિ ગ્રંથકારે બતાવ્યો નથી, તથાપિ મીમાંસાદિ શાસ્ત્રવેત્તાઓને એ પરિહાર દુષ્કર નથી. ધર્મ સંબંધી અનેક મતો પ્રચલિત છતાં અને તેઓ પરસ્પર વિરોધી છતાં તે સંબંધી નિર્ણય કરવાનું કામ સહેલું નથી. ફલાદેશાદિ પ્રરોચક વચનો અને મંત્રસિદ્ધિ આદિક બાબતોનો પણ શાસ્ત્રથી નિર્ણય થઇ જાય છે. જો ગ્રંથકારે આ પુસ્તક વિસ્તારથી લખ્યું હોત તો આપણને તે સંબંધી ઘણું જાણવાનું મળત; પણ તેમ કરતાં ગ્રંથનું કાઠિન્ય પણ વધત અને કદાચ તે સામાન્ય મનુષ્યોને ઉપયોગી થઇ શકત નહિ.

ભાષાન્તર લખતી વખતે જુદા જુદા મત માર્ગનાં સ્વરૂપ ટુંકામાં બતાવવાને મેં કાંઇક મૂળ કરતાં વિશેષ લખ્યું છે. એજ રીતે પ્રત્યેક વિષય ઉપર વિસ્તાર કરવા જતાં ભાષાન્તરજ ન રહેત પણ વ્યાખ્યાન થઇ જાત, અને તેમ કરવા જતાં કદાચ મૂળ ગ્રંથકારના આશયને ન વળગી રહેવાનો દોષ થઇ જાય, એ ભયથી માત્ર મૂળ શ્લોકોનો અર્થ બતાવીનેજ હું અટક્યો છું.

આ ગ્રંથમાં જણાવેલા અને નહિ જણાવેલા પણ કેટલાક વિષયો સંબંધી એમણે એક 'નિશ્ચયાબ્ધિ' નામનો ગ્રંથ લખ્યો છે એમ તેમની પાસેથી મેં સાંભળ્યું હતું, તથા આ ગ્રંથમાં પણ એક સ્થળે તેનો નિર્દેશ કરેલો છે–કદાચ એ ગ્રંથ શાસ્ત્રીશ્રીના ઘરમાંથી મળી આવે અને પ્રકટ થાય તો વિશેષ જાણવા જેવું મળશે એમ ધારૂં છું.

આ ગ્રંથ યદ્યપિ ખંડનાત્મક હોય એવો લાગે છે અને ઘણે સ્થળે શાસ્ત્રીજીના નિર્ણય સ્પષ્ટ થતા જણાતા નથી, તથાપિ તેઓ ઈશ્વરને માનવાવાળા તથા નીતિને માન આપનારા હતા એમ તો સ્પષ્ટ પ્રતીત થાય છે. એમ છતાં એક વખત તેમની પાસે મેં ધર્મવિષયક ઘણાક સંશયો પ્રકટ કર્યા ત્યારે તેમણે મને કહ્યુ હતું કે 'તમારા સંશયોનો નિરાસ તમે વેદાંત દર્શન શીખશો ત્યારેજ થશે.' આ ઉપરથી તેમનું વેદાંત દર્શન માટે ઉચ્ચ મત હતું એમ જણાય છે. એટલુંજ નહિ, પણ "अबाधिताच प्रत्यक्षाद्युक्तितः शास्त्रतस्तथा" એમ કહીને અબાધિત પ્રત્યક્ષને પ્રમાણ માનવામાં પણ તેઓ વેદાંતનેજ સ્વીકારતા જણાય છે.

આવા એક ઉત્તમ નૈયાયિકના સૂત્રમય ગ્રંથનું ભાષાન્તર કરવાને મારા કરતાં કોઈ વિશેષ વિદ્વાન હોત તો તે વધારે રહસ્યનું ઉદ્ઘાટન કરી શક્યો હોત. તોપણ તેમના પ્રતિની મારી ગુરૂભક્તિના બળથી તથા તેમનાં સદ્ગુણી સંતાન બેન ભાગીરથીની પ્રેરણાથી હું જે કાંઇ કરી શક્યો છું તે વડે તેમનો આત્મા પ્રસન્ન થાઓ, એટલુંજ ઇચ્છું છું.

૨૭-૧૨-૧૨. વડોદરા.	}	છોટાલાલ નરભેરામ ભટ્ટ. શાસ્ત્રીજીનો એક વિનીત શિષ્ય



ज्ञानदीप.

श्री जगज्जनकं वन्दे देवं देहभृतां नृणाम् ।
संशयाः शेरते यत्र स्वमनीषानुसारतः ॥ १ ॥

સાધારણ પ્રાણી માત્રને ઉત્પન્ન કરનાર અને વિશેષતઃ મનુષ્યોને નિયમમાં રાખવાવાળા, નિરપેક્ષ જ્ઞાનરૂપ અને ચરાચર જગતના કર્ત્તા એટલે નામરૂપને આવિર્ભાવ કરનાર જે સચ્ચિદાનંદરૂપ પરમેશ્વર છે તેમને હું પ્રણામ કરૂં છું. જે પરમેશ્વરને વિષે યદ્યપિ ઋગ્વેદાદિ શાસ્ત્રમાં સંશય નથી, છતાં સાધારણ વિચારશૂન્ય પુરૂષોને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સંશય હોય છે તેથી તે વિષે કિંચિત્ વિચાર કરૂં છું.

विचारशक्तिरेकात्र पश्वादिभ्योऽतिरिच्यते ।
मनुजेषु ततस्ते हि तेभ्य उत्तमतां गताः ॥ २ ॥

યદ્યપિ પશુ, મનુષ્ય વગેરે પ્રાણી માત્રમાં આહાર નિદ્રાદિ તુલ્ય છે છતાં મનુષ્યોમાં એક વિચારશક્તિ વિશેષ હોય છે, અને તેથી કરીને પશ્વાદિ કરતાં મનુષ્યો ઉત્તમ કહેવાય છે.

तस्माद्विचारः कर्त्तव्यः सर्वत्रापि विचक्षणैः ।
मध्यस्थधिषणायोगान्नाग्रहेण कदाचन ॥ ३ ॥

તેટલા માટે મનુષ્ય જાતિમાં પણ જેઓ વિચક્ષણ છે, તેમણે ઈશ્વરવિષયક વિચાર કરવો યોગ્ય છે; અને તે પણ એકાદ

પક્ષમાં પડી જઇને દુરાગ્રહથી ક્દાપિ કરવો નહિ, પરંતુ મધ્યસ્થ બુદ્ધિથી કરવો.

नास्तीश इति ये केचिन्मन्यन्ते नास्तिकादयः ।

तेषां स्वभावकर्माद्यैर्जगदेतप्रवर्त्तते ॥ ४ ॥

તે વિચાર કેટલાક લોકોએ આ પ્રમાણે કરેલો છે:--ચાર્વાક, બૌદ્ધ, આદિક જે નાસ્તિકો છે તેમના મત પ્રમાણે સ્વભાવથી કે કર્મ આદિથી આ જગતની પ્રવૃત્તિ થયેલી છે.

ત્યાં, ચાર્વાકો કહે છે કે ઈશ્વર નથી, પણ સ્વભાવથીજ પૃથ્વી આદિક ચાર ભૂતો પરિણામ પામી દેહાદિ રૂપે ચેતનતા પામે છે, તેમાં કોઇ ઈશ્વરની જરૂર નથી.

કેટલાક બૌદ્ધ મતાનુયાયીઓ કહે છે કે સર્વ અસત્ છે એટલે શૂન્ય છે. જેમ આકાશ શૂન્ય છતાં તેમાં વીજળી દેખાય છે તેમ અસત્‌માંથી સત્ જેવી સર્વ વસ્તુઓ દેખાય છે, તેથી તેનો કર્ત્તા કોઇ ઈશ્વર નથી. અર્થાત્ '[1]પ્રતીત્ય સમુત્પાદ'થી સર્વની સિદ્ધિ હોય છે. જેમ કે, બીજમાંથી અંકુર થવામાં બે કારણ હોય છે. એક હેતૂપનિબંધ, અને બીજું પ્રત્યયોપનિબંધ તેમાં પૃથ્વી ધાતુ, જળ ધાતુ, તેજો ધાતુ, વાયુ ધાતુ, આકાશ ધાતુ, અને ઋતુ ધાતુ, એ પ્રત્યયોપનિબંધ કહેવાય છે. તેમાં પણ, પૃથ્વી ધાતુ બીજને કઠણ કરે છે; જળ ધાતુ બીજને પલાળે છે; તેજો ધાતુ બીજને પરિપકવ કરે છે; વાયુ ધાતુ અંકુરને બહાર કાઢે છે; આકાશ ધાતુ અંકુર માટે અવકાશ આપે છે, અને

૧. ભાસરૂપ ઉત્પત્તિથી. (વાસ્તવિક છેજ નહિ.)

ઋતુ ધાતુ યથાકાળ એને ધારણ કરે છે. તેમાં પૃથ્વી ધાતુ એમ જાણતો નથી કે મેં બીજને કઠણ કર્યું છે, અને બીજ પણ એમ જાણતું નથી કે હું પૃથ્વી ધાતુથી કઠણ થએલું છું, એવી રીતે સર્વ ધાતુઓ પરસ્પર કાર્યકારણ–ભાવના જ્ઞાનથી રહિત છે.

હવે બીજથી અંકુર, અંકુરથી પત્ર, પત્રથી કાંડ, કાંડથી નાળ, એવી રીતે જે કાર્યકારણ–ભાવ છે, તેનું નામ હેતૂપનિબંધ છે. ત્યાં પણ બીજ એમ જાણતું નથી કે હું અંકુરને ઉત્પન્ન કરૂં છું, અને અંકુર પણ એમ જાણતો નથી કે મને બીજે ઉત્પન્ન કર્યો છે. આવી રીતે પત્રાદિમાં સર્વત્ર વ્યવસ્થા થવાથી ચેતન પદાર્થ રૂપ ઈશ્વરની આવશ્યકતા નથી.

બીજા કેટલાક દિગંબરાદિ જૈન લોકો, અનાદિસિદ્ધ જગતના કર્ત્તા પરમેશ્વર છે એમ માનવાની આવશ્યકતા નથી પણ જીવ અને અજીવાદિ સાત પદાર્થથી જગતની વ્યવસ્થા થઇ શકે છે, તેથી ઈશ્વિર જગત્કર્તા નથી, એમ માને છે.

કેટલાક મીમાંસકો જગતને અનાદિ માની તેનો કર્ત્તા ઈશ્વિર નથી એમ કહે છે.

કપિલ સાંખ્ય–મતાનુયાયી કેટલાક લોકો **પ્રધાનથી** પરિણામ રૂપે જગત થાય છે–એટલે પ્રધાન જગતનું મૂળ કારણ છે, તથા તેમાંથી મહત્તત્વ, તેમાંથી અહંકાર, તેમાંથી પંચ તન્માત્રા, તેમાંથી એકાદશ ઇંદ્રિયો, વગેરે પરિણામ પામ્યાં છે–તેમાં ઈશ્વિરની જરૂર નથી એમ માને છે.

अस्तीति वादिनां पुंसां प्रमाणेष्वनवस्थया ।
शब्दमेव जगुः केचिच्चानुमानं तथापरे ॥ ५ ॥

જે લોકો ઈશ્વરનું અસ્તિત્વ માનનારા છે તેમના મતમાં પણ પ્રમાણોની અનવસ્થા છે. તેથી કેટલાક શબ્દનેજ પ્રમાણ માને છે અને કેટલાક અનુમાનને પ્રમાણ માને છે. એટલે—

કણાદ મતાનુસારી તથા ગૌતમ મતાનુસારી લોકો એમ માને છે કે, જગતના નિમત્ત કારણ ભૂત ઈશ્વર સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છે. તે પ્રાણીઓના અદૃષ્ટાનુસાર પૃથ્વી, જળ, તેજ, અને વાયુના પરમાણુઓના સંયોગ દ્વારા મહા પૃથ્વી આદિને ઉત્પન્ન કરે છે.

પાતંજલ મતાનુસારીઓ પણ ક્લેશ, કર્મ, વિપાક, આશય, વગેરેથી અસંબદ્ધ પરમેશ્વર પ્રાણીઓના હિત માટે કર્મફળપ્રદ તરીકે ઉપસ્થિત છે એમ માને છે.

વેદાંતીઓ તો માયોપાધિક ઈશ્વર જગતના કર્ત્તા છે, એમ કહી ઈશ્વરની વિદ્યમાનતા સ્વીકારે છે. વળી બીજા કેટલાક વેદાંતીઓ તો જેટલા જીવ તેટલા ઈશ્વર છે એમ કહે છે.

કેટલાક રામાનુજ મતાનુયાયીઓ પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી, અર્ચાવતાર ભેદથી સામાન્યતઃ પંચવિધ ઈશ્વર છે એમ કહે છે. તેમાં પણ પર એક છે અને વ્યૂહ–વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અને અનિરુદ્ધ ભેદથી–ચાર પ્રકારનો છે. વળી મત્સ્ય, કૂર્માદિ વિભવ રૂપ ઈશ્વર પણ અનંત છે. અંતર્યામી પણ અનંત છે. આવી રીતે અનંત ઈશ્વર છે એવી રામાનુજની માન્યતા છે.

વલ્લભાચાર્યના મતાનુયાયીઓ કહે છે કે પૂર્ણ પુરુષોત્તમ ઈશ્વર એક છે. તે કર્ત્તા, ભોક્તા અને ભક્તોની ઇચ્છાનુસાર લીલાવતારના ધારણ કરનાર અનંત અવસ્થાયુક્ત છે.

મધ્વાચાર્ય કહે છે કે, સ્વતંત્ર પદાર્થ વિષ્ણુ ભગવાન છે, તેજ ઈશ્વર છે.

બીજા પણ કેટલાક સ્વસ્વબુદ્ધ્યનુસાર અનેક પ્રકારે ઈશ્વરની કલ્પના કરે છે, તેથી એ બધાના મતમાં ઈશ્વર છે, એમ ઠરે છે. આ વિષય ઉપર વિચાર કરીએ તો, "લક્ષણ અને પ્રમાણથી સર્વ વસ્તુની સિદ્ધિ હોવાથી" ઈશ્વરવિષયક લક્ષણ અને પ્રમાણ કહેવાં જોઇએ. એ લક્ષણ–ઈશ્વર સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન્ ઇત્યાદિ લક્ષણવાળા છે, એવી રીતે ઈશ્વરાસ્તિત્વવાદીઓ સ્વસ્વશાસ્ત્રાનુસાર કહે છે. ઈશ્વરની સિદ્ધિ કરવામાં નૈયાયિકો અનુમાન પ્રમાણને મુખ્ય માને છે. પણ તે પરતઃ પ્રમાણ હોવાથી બીજા અનુમાનની અપેક્ષા રાખે છે, તે પણ ત્રીજા અનુમાનની અપેક્ષા રાખે છે, એમ અનવસ્થાને શરણે થવું પડે છે; એ દોષને લીધે વેદાંતીઓ અને પાતંજલ મતાનુસારીઓ ઈશ્વરના વિષયમાં સ્વતઃસિદ્ધ શબ્દ પ્રમાણને માને છે.

आप्तोक्तस्यैव शब्दस्य प्रामाण्यं नेतरस्य हि ।
वेदादीनां तथात्वं वा नेति सम्यग्विचार्यते ॥ ६ ॥

જો શબ્દ પ્રમાણને માન્ય રાખવામાં આવે તો આપ્તવાક્યનેજ પ્રમાણ કહેવામાં આવે છે, (જે યથાર્થ વક્તા હોય તે આપ્ત કહેવાય છે.) અને બીજા અનાપ્તનું વચન પ્રમાણ ગણાતું નથી. શબ્દ પ્રમાણનું એ રીતે લક્ષણ કરેલું હોવાથી વેદાદિક તે રીતે પ્રમાણ ગણાવાને યોગ્ય છે કે નથી, તેનો વિસ્તારથી વિચાર કરીએ છીએ.

वेदः किमीश्वरोक्तो वाऽनीशोक्तो नित्य एव वा ।
मध्यस्तु संभवत्यत्र नाद्यंतावीति संमतम् ॥ ७ ॥

વેદ ઇશ્વરોક્ત છે અથવા અનીશ્વરોક્ત એટલે પુરૂષપ્રોક્ત છે અથવા નિત્ય છે, એવા ત્રણ વિકલ્પ વેદ વિષે થઇ શકે છે. એ ત્રણમાંથી પહેલો ને છેલ્લો એટલે ઇશ્વરોક્ત કે નિત્ય વેદ હોઇ શકે નહિ, પણ વચલો એટલે પુરૂષપ્રોક્ત હોઇ શકે એમ સંભવે છે, અને એજ વાત સંમત છે.

એજ વાત પુનઃ વિસ્તારથી કહીએ છીએ. પ્રથમ વિચારવાની વાત એ છે કે વેદ પૌરુષેય છે કે અપૌરુષેય ? એટલે મનુષ્યની કૃતિ છે કે અલૌકિક છે ? અપૌરૂષેય હોય તો નિત્યસિદ્ધ જગતમાં તે ગુરૂપરંપરાથી પ્રાપ્ત છે, અથવા અનિત્ય જગતમાં પૂર્વ સૃષ્ટિસ્થ વેદને પ્રકટ કરનાર કોઇ ઈશ્વર છે ? તેમાં કુસુમાંજલિકાર વગેરે નૈયાયિકોએ નિત્યસિદ્ધ ઈશ્વરોક્ત વેદ છે એમ ઘણી યુક્તિઓથી અને પ્રમાણોથી સિદ્ધ કર્યું છે ઇશ્વરને નહિ માનનારા સાંખ્યવાદીઓએ તો સિદ્ધ યોગીશ્વરકૃત વેદ છે એમ યુક્તિ પ્રમાણપૂર્વક સિદ્ધ કર્યું છે. અને પૂર્વ મીમાંસક ભટ્ટપાદ, પ્રભાકર, શાલિકનાથ, વગેરેએ અનાદિસિદ્ધ જગતમાં અનાદિ નિત્યસિદ્ધ વેદ ગુરૂપરંપરાથી પ્રચલિત છે અને તેનો કોઇ કર્ત્તા નથી માટે અપૌરુષેય છે, એમ સિદ્ધ કર્યું છે. ઉત્તર મીમાંસાકાર વ્યાસ અને શંકરાચાર્ય આદિએ તો જગતની અનિત્યતાને લીધે પૂર્વસૃષ્ટિસ્થ વેદનો આવિર્ભાવ કરનાર ચેતન છે તેથી વેદ નિત્ય છે અને અપૌરુષેય છે એમ સિદ્ધ કર્યું છે. આ બધા

પક્ષનો વિચાર કરીએ તો લોકદૃષ્ટિએ વેદ ઈશ્વરોક્ત નથી, એજ પક્ષ સંભવે છે; વેદ નિત્ય છે અથવા ઈશ્વરોક્ત છે આ પક્ષ સંભવતો નથી.

अनेकेषां तथा ग्रंथाद्विवादाश्च परस्परम् ।

अप्रमाणकथोद्रेकान्नाद्यः संभवति स्फुटम् ॥ ८ ॥

વેદને જો ઈશ્વરોક્ત કહેવામાં આવે તો તે સંભવે નહિ તેનાં મુખ્ય કારણો આ પ્રમાણે છે. જો ઈશ્વરોક્ત વેદ હોય તો ઈશ્વર એક હોવાથી વેદ પણ એકજ હોવો જોઈએ. પણ મંત્ર બ્રાહ્મણાત્મક વેદના તો અનેક ગ્રંથો છે અને તે ગ્રથોમાં પણ પરસ્પર વિરોધી વાતો ઘણી છે, તેમજ તેમાં એવી ઘણી વાતો છે કે જે પ્રમાણથી ખરી માની શકાય નહિ. એટલા માટે પ્રથમ પક્ષ એટલે ઈશ્વરોક્ત વેદ છે એ સંભવતો નથી એ સ્પષ્ટ છે.

कंठताल्वादिसंयोगाद्वर्णोत्पत्तिर्नचान्यथा ।

असंभवाद्यदन्त्योपि निरस्त इति बुद्ध्यताम् ॥ ९ ॥

છેલ્લો પક્ષ એવો છે કે વેદો નિત્ય છે. આ પક્ષ પણ સંભવતો નથી; કેમકે વેદ વર્ણાત્મક છે. અને એ क, च, ट, આદિ વર્ણોની ઉત્પત્તિ કંઠ, તાલુ, મૂર્ધા, આદિ શરીરાવયવાત્મક સ્થાનોથી સંભવે છે, અન્યથા સંભવતી* નથી, તે કંઠતાલ્વાદિ જો ન હોય તો વર્ણોત્પત્તિ થાય નહિ. આથી વર્ણાત્મક

---

* હમણાં તો કંઠ, તાલુ, આદિ વગર પણ ફોનોગ્રાફ આદિમાંથી વર્ણોત્પત્તિ દષ્ટચર થતી સમજાય છે.—ભાષાંતર કર્ત્તા.

વેદ ઉત્પત્તિવાળો હોવાથી નિત્ય નથી, પણ અનિત્ય છે. આવી રીતે નિત્ય વેદનો અસંભવ હોવાથી ત્રીજો પક્ષ પણ અસત્ય છે એમ સમજવું.

अलौकिको हि वेदोस्तीत्येतद्वाक्यं विमृश्यताम् ।
अलौकिकं हि यद्वस्तु न स्यादिन्द्रियगोचरम् ॥ १० ॥

હવે કેટલાક કહે છે કે વેદ અલૌકિક છે, તો તે વાકયનો પણ વિચાર કરવો જોઈએ. જે વસ્તુ અલૌકિક હોય તે ઇંદ્રિય-ગોચર હોતી નથી એટલે આપણાં કોઇ ઇંદ્રિયવડે જાણી શકાતી નથી.

ईश्वरस्यालौकिकत्वाल्लौकिकैरिन्द्रियैरिह ।
न प्रत्यक्षं तथा वेदे संभवान्नैव साम्प्रतम् ॥ ११ ॥

ઇશ્વર પણ અલૌકિક છે માટે આપણાં લૌકિક ઇંદ્રિયોવડે ઇશ્વરનું પ્રત્યક્ષ આપણને થઇ શકતું નથી. તેવીજ રીતે વેદ પણ જો અલૌકિક હોત તો તે પણ ઇશ્વરની પેઠે આપણને અપ્રત્યક્ષ રહ્યા હોત. પણ ઇશ્વરની પેઠે વેદ તો આપણને અપ્રત્યક્ષ નથી, માટે વેદ અલૌકિક છે એ પક્ષ યુક્તિસિદ્ધ નથી.*

* આ રીતે મધ્યમ પક્ષથી વિચાર કરીને વેદ મનુષ્યકૃત છે, નિત્ય નથી કે અલૌકિક પણ નથી, અને તેથી તેમાં આપ્તવાકયતા સિદ્ધ થયા વિના તે પ્રમાણ પણ હોઈ શકે નહિ, એમ સામાન્ય લોકદષ્ટિને અનુસરીને ગ્રંથકારે કહ્યું છે. એમ છતાં વેદના નિત્યત્વાદિનું ખંડન કરવાને જે યુક્તિઓ બતાવવામાં આવી છે, તેની વિરૂદ્ધમાં જે યુક્તિઓ બતાવવામાં આવે છે તે પણ આપણને તેટલીજ

पुराणादिषु ये दोषा दत्ता ज्योतिषिनाविकैः ।
दृढप्रमाणबलतस्तेऽप्यत्रैव विभाव्यताम् ॥ १२ ॥

વળી જ્યોતિષ શાસ્ત્રના તથા નૌકા શાસ્ત્રના જાણનારાઓએ મજબુત પ્રમાણોના બળથી જે જે દોષો પુરાણાદિકમાં બતાવ્યા છે (એ દોષોમાંથી થોડાક હવે પછી જણાવવામાં આવશે) તે દોષો પણ વેદને લાગુ પડી શકે છે. કેમકે પુરાણો કેવળ કલ્પિત નથી, પણ વેદની કથાઓનો વિસ્તાર કરીને તેનો અનુવાદ માત્ર કરનારાં છે. તેથી વેદમૂલક પુરાણોમાં જે દૂષણ સંભવે તે તેના મૂળભૂત વેદમાં પણ હોય.

વિચારવા જેવી લાગે છે. આ પુસ્તકના વાંચનારને તેનું દિગ્દર્શન અનુકૂળ થશે એમ ધારી તે અહીં આપી છેઃ—

ઉપર કહેલી લોકસિદ્ધ વાત ખરી છે એમ છતાં વેદો લોકસિદ્ધ વાતનો ઉપદેશ કરતા નથી, પણ ધર્મઅધર્મ, પુણ્યપાપ, મોક્ષ વગેરે અલૌકિક વસ્તુઓને કહેનારા વેદ ઇશ્વરોક્ત અથવા નિત્ય હોવા જોઇએ, એ પક્ષ પણ ઘટે છે. છતાં ખરી વાત એ છે કે અલૌકિક વસ્તુ ઇંદ્રિયોનો વિષય થઈ શકતી નથી, તેમ આ વેદ પણ ઇંદ્રિયોનો વિષય નથી. કારણ કે મનમાં જે વર્ણોનું ઉચ્ચારણ થઈ શકે છે, તે કોઈ પણ ઇંદ્રિયોનો વિષય નથી. એ સર્વ કોઇને અનુભવસિદ્ધ વાત છે. કંઠ અને તાળુ આદિથી તો માત્ર ધ્વનિની ઉત્પત્તિ થાય છે; વર્ણની ઉત્પત્તિતો મનમાંજ સિદ્ધ છે. અર્થાત્ કંઠતાલ્વાદિથી ઉત્પન્ન થતા ધ્વનિને બાદ કરતાં બાકી રહેલા જે મનમાં બોલાતા વર્ણ તેને માટે કંઠતાલ્વાદિમાન પુરૂષની અગત્ય નથી. અર્થાત્ કંઠતાલ્વાદિસંયોગથી વર્ણોત્પત્તિ માનીને જે વેદની નિત્યતા અસદ્ધિ માની છે તે

ननु सन्ति पुराणेषु दोषाः प्रस्फुटयुक्तिकाः ।
वर्णिता मे निश्चयाब्धौ दिक्मात्रमिह सूच्यते ॥१३॥

જે દેષો પુરાણોમાં સ્પષ્ટ યુક્તિઓવડે આપવામાં આવ્યા છે તે મારા રચેલા નિશ્ચયાબ્ધિ નામે ગ્રંથમાં વર્ણવેલા છે, તેથી આ સ્થળે દિશા માત્ર બતાવવામાં આવે છે, અર્થાત્ અતિ-સંક્ષેપમાં કથન કરીએ છીએ.

तत्र भूमिः पुराणेषु पद्मपत्राकृतिः समा ।
उक्तेत्यत्र विरुद्धं स्याद्दिवैव रविदर्शनम् ॥ १४ ॥

પુરાણોમાં પૃથ્વીને કમળના પાંદડાના જેવા આકારની ગોળાકાર અને ચપટી તથા એક છેડાથી બીજા છેડા સુધી જેમ કમળનું પાંદડું વચમાં ઉંચું નીચું નહોતાં સમાન હોય છે તેવી સમાન વર્ણવેલી છે. જો પૃથ્વીને એવીજ માનવામાં આવે

સંભવતી નથી અને તેથી હજી વેદની નિત્યતા કાયમ રહે છે.

વેદમાં અપ્રમાણુ કથાઓ ઘણી છે એ એક બીજો દોષ લગાવીને વેદની ઈશ્વરપ્રોક્તતા અસિદ્ધ ગણેલી છે. પણ ખરૂં જોતાં વેદમાંના કઠિન વિષયોને સ્પષ્ટ કરવા સારૂ કેટલાંક કલ્પિત દૃષ્ટાંત અને આખ્યાયિકાઓ આપી છે. જો એ કથાઓ સિદ્ધ વસ્તુ તરિકે આપી હોત તો તેવો દોષ લાગત. પણ તે બીજા વિષયોની સમજ મનમાં ઉતરવાને દૃષ્ટાંતરૂપ અથવા કોઇ આચરવા જેવા કૃત્યની સ્તુતિરૂપ, અથવા ન આચરવા જેવા કૃત્યની નિંદારૂપ હોવાથી અર્થવાદાત્મક છે. આટલા ઉપરથી વેદમાં અપ્રમાણુ કથોદ્રેક છે એમ કહેવાય નહિ. જે વિરોધ જોવામાં આવે છે. તેનો ખુલાસો મીમાંસાશાસ્ત્ર જોવાથી થઇ જાય છે.

ભાષાંતર કર્ત્તા.

તો દિવસેજ સૂર્ય દેખાય અને રાત્રે ન દેખાય એવો કાંઇ નિયમ રહે નહિ. પણ પૃથ્વી ઉપર તો રાત્રિએ સૂર્ય દેખાતો નથી માટે પુરાણના એ મતમાં વિરોધ આવે છે.

निशोत्पादे यदा हेतुः कनकाचल इष्यते ।
तदा विरुध्यते भानोः कोणे दक्षिण उद्गमः ॥ १५ ॥

કોઈ કહેશે કે મેરૂની ચારે પાસે કર્ણિકાની પેઠે પૃથ્વી રહેલી છે. એ મેરૂને લીધે રાત્રિ દિવસ થાય છે. અર્થાત્ મેરૂનો ઓથો પડવાથી રાત્રિદિવસ થાય છે. એમ જો માનીએ તો દક્ષિણાયનમાં સૂર્યનો ઉદય દક્ષિણ તરફના ખૂણામાં એટલે અગ્નિખૂણામાં થાય છે તેની સાથે એ માન્યતાનો વિરોધ આવશે. કારણ કે "सर्वेषामेव वर्षाणां मेरुरुत्तरतः स्थितः" "બધા દેશોને મેરૂ તો ઉત્તરમાંજ રહેલો છે." અર્થાત દક્ષિણ કોણમાં ઉદય થવો સંભવતો નથી; પણ તેમ થાય છે માટે પુરાણમાં પ્રત્યક્ષ અનુભવ સાથે વિરોધ આવે છે.

उदयेऽस्ते च तिग्मांशोरर्द्धबिम्बं विलोक्यते ।
नोर्ध्वतिर्यगतश्चापि न हेतुः कनकाचलः ॥ १६ ॥

વળી સૂર્ય ઉદય પામતી વખતે અને અસ્ત પામતી વખતે તેનું બિંબ અર્ધું દેખાય છે, એટલે અર્ધું નીચે ઉતરી ગયેલું ને અર્ધું ઉપર આવેલું દેખાય છે. જો મેરૂ પર્વતની આજુ બાજુ સૂર્યના ફરવાથી ઉદયાસ્ત થતા હોત તો તે બિંબ અર્ધું બાજુપર ગયેલું અર્ધું બહાર દેખાતું માલમ પડત. અર્થાત્ સૂર્યબિંબ ઉભું કપાયું હોય તેમ જણાત. પણ તેમ જણાતું નથી, માટે પણ રાત્રિ ઉત્પન્ન થવાનો હેતુ મેરૂ પર્વત નથી.

पंचाशत्कोटिमानं तु खण्डेऽत्रैव विरोधकृत् ।
दृश्यते न समा भूमिरतो गोलाकृतिर्मता ॥ १७ ॥

વળી પુરાણોમાં પૃથ્વીનું માપ પચાસ કોટિ યોજનનું કહેલું છે, તે તો આ ભરતખંડ ઉપરથી જોતાંજ વિરોધી ભાસે છે. અને તે સાથે પૃથ્વી સમાન પણ દેખાતી નથી તેથી તે ગોળાકાર છે એમ પણ માલમ પડે છે.

પૃથ્વીનું માપ શી રીતે નક્કી કરવામાં આવે છે, તે હવે કહે છે—

उदग्दिशं निरक्षात्तु नरो याति यथायथा ।
तथा तथा ध्रुवोच्चत्वात् स्पष्टं भूमानमीक्ष्यते ॥ १८ ॥

વિષુવ પ્રદેશને નિરક્ષ દેશ કહે છે પૃથ્વીના ઉત્તર દક્ષિણ એ સમાન ભાગ થાય એવી ભૂમધ્ય રેષાને વિષુવ પ્રદેશ કહે છે. આ પ્રદેશમાં રહીને કોઇ ઉત્તર ધ્રુવનો તારો જુએ તો તે ઉત્તર દિશામાં ક્ષિતિજ સમસૂત્ર રેષામાં જણાય છે. પણ હવે તે જોનારો મનુષ્ય પૃથ્વી ઉપર જેમ જેમ ઉત્તરમાં જતો જાય તેમ તેમ ધ્રુવનો તારો ઉંચો દેખાતો જાય છે. અને જ્યારે તે મનુષ્ય ચાલતાં ચાલતાં પૃથ્વીના ઉત્તર ધ્રુવ બિંદુ પર આવે ત્યારે ધ્રુવનો તારો તેને બરોબર માથા ઉપર દેખાય છે. એ ઉપરથી પૃથ્વીનું માપ સ્પષ્ટ રીતે કાઢી શકાય છે. તે આ રીતેઃ-

પૃથ્વીના પરિઘના એકંદર ૩૬૦ ભાગ કરી તે દરેકને અંશ કહે છે. વિષુવવૃત્તના પ્રદેશથી ધ્રુવ સુધીમાં પૃથ્વીનો ચોથો ભાગ આવી જાય છે માટે તેટલા પ્રદેશનું માપ ૩૬૦÷૪=૯૦.

અંશ થાય. હવે વિષુવ વૃત્તથી ઉત્તર તરફ જનારો માણસ લગભગ ૬૯ મૈલ ચાલે છે ત્યારે તેને ધ્રુવનો તારો એક અંશ જેટલો ઉંચો માલમ પડે છે. પણ ધ્રુવનો તારો માથે આવે ત્યાં સુધી જવામાં ચાલનાર મનુષ્યને ૯૦ અંશ ચાલવું પડે, માટે ૬૯×૯૦=૬૨૧૦ મૈલ ચાલવું પડે. એ રીતે લગભગ સવા છ હજાર મૈલ જેટલી લંબાઇ પૃથ્વીના ચોથા ભાગની થઇ ત્યારે આખા ગોળાનો પરિઘ ૨૫૦૦૦ મૈલ થાય. આ રીતે પૃથ્વીનું માપ ધ્રુવના તારા ઉપરથી કાઢી શકાય છે. અને એ ગણિતથી સિદ્ધ છે, માટે પુરાણનું પચાસ કોટિ યોજન માપ પ્રમાણ ઠરતું નથી.

गोलस्याधारशून्यत्वमनवस्था न चेद्भवेत् ।

इति ज्योतिर्विदां दोषाः पुराणेषु सयुक्तिकाः ॥ १९ ॥

જ્યોતિર્વિદ્ લોકોએ ગણિતના આધારથી તથા નિરીક્ષા કરવાથી સિદ્ધ કર્યું છે કે પૃથ્વી આકાશમાં નિરાધાર રહેલી છે. એને બીજા કશાનો આધાર નથી. પણ પુરાણો કહે છે કે પૃથ્વીને શેષાદિનો આધાર છે. પરંતુ આધારનીજ આવશ્યકતા હોય તો તે શેષને બીજા કશાનો આધાર જોઇએ, અને તેને વળી બીજા કશાનો આધાર જોઇએ, એ રીતે આધાર પરંપરાનો કદાપિ પાર આવશે નહિ અને અનવસ્થા થશે. માટે ગ્રહોના પરસ્પરના આકર્ષણથીજ ભૂગોળ આદિકની આકાશમાં સ્થિતિ છે, પણ બીજા કશાનો તેને આધાર નથી એવો જ્યોતિષીઓનો મત સયુક્તિક હોવાથી પુરાણોમાં કરેલી ભૂમિના આધાર વગેરેની વાત દૂષિત છે એમ કહેવામાં વિરોધ નથી.

नेंदुसूर्योपरागादौ राहोः कारणता मता ।
यथाकथंचिदेवात्र समाधानं प्रकल्प्यते ॥ २० ॥

વળી પુરાણોમાં એમ પણ કહે છે કે સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ વગેરે રાહુ નામના દૈત્યના ત્રાસથી થાય છે? તે પણ નિર્યુક્તિક છે. કારણ કે પૃથ્વીની છાયા વિના ચંદ્રગ્રહણ થવામાં, તથા ચંદ્રના અંતરાય વિના સૂર્ય ગ્રહણ થવામાં જો રાહુજ માત્ર કારણ હોય તો પંચમીષષ્ઠી વગેરે તિથિમાં પણ ગ્રહણ થવું જોઇએ. પણ તે અનુભવસિદ્ધ નથી. માટે ગ્રહણનું કારણ રાહુ નથી. એ વિષયમાં કેટલાક વિદ્વાનો છાયાદિનેજ રાહુ માનીને સમાધાન કલ્પે છે. જેમ,—

"राहुः कुभामंडलगः शशांकं शशांकगश्छादयतीनबिम्बम तमोमयः शंभुवरप्रदानात् सर्वागमानामविरुद्धमेतत् ॥"

"પૃથ્વીની છાયાના મંડળમાં રહેલો રાહુ ચંદ્રને ઢાંકે છે, અને ચંદ્રમંડળમાં રહેલો રાહુ સૂર્યના બિંબને ઢાંકે છે. આ રીતે ચંદ્ર સૂર્યને ઢાંકવાની શક્તિ તેને શ્રી મહાદેવજીના વરદાનથી મળી છે તથા તે પોતે (રાહુ) અંધકારમય છે માટે પણ ઢાંકે છે. આ સમાધાન પુરાણ અને જ્યોતિષ સર્વ શાસ્ત્રોને અવિરુદ્ધ છે." ઉપર પ્રમાણે યથાકથંચિત્ સમાધાન કલ્પવામાં આવે છે.

अबाधितार्थ प्रत्यक्षाद्युक्तितः शास्त्रतस्तथा ।
विरुद्धं न प्रमाणं स्याद्विदुषां बुद्धिशालिनाम् ॥ २१ ॥

અબાધિત એટલે જેનો બીજા પ્રમાણુથી બાધ ન થઇ શકે એવું, તથા અનધિગત એટલે પૂર્વે જે પ્રાપ્ત થયું નથી એવું જ્ઞાન તે પ્રમાણુ કહેવાય છે. એવું જ્ઞાન પ્રત્યક્ષથી, અનુમાનથી, આગમ (શાસ્ત્ર)થી, ઉપમાનથી, અર્થાપત્તિથી, અનુપલબ્ધિથી, ઐતિહ્યથી અને સંભવથી થાય છે માટે પ્રમાણો એ પ્રકારે આઠ માનેલાં છે. તેમાં પ્રત્યક્ષ માત્ર ચાર્વાકને ઇષ્ટ છે. અનુમાન ને પ્રત્યક્ષ બે બૌધ અને કણાદને ઇષ્ટ છે સાંખ્ય અને યોગશાસ્ત્રકારે પ્રત્યક્ષાદિ ત્રણ પ્રમાણુ માન્યાં છે. ન્યાયશાસ્ત્રના કર્ત્તા ગૌતમ મુનિએ પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણુ સ્વીકારેલાં છે. પ્રાભાકર મીમાંસકોએ પહેલાં પાંચ અને ભાટ્ટ મીમાંસકોએ પહેલાં છ પ્રમાણુ માનેલાં છે. પૌરાણિક મતમાં આઠ પ્રમાણુ માન્યાં છે. વળી ઉક્ત આઠ પ્રમાણુ અને ચેષ્ટા નામે નવમું પ્રમાણુ તંત્રવિદ્યા વગેરેમાં માનેલું છે. આવી રીતે પ્રમાણુની સંખ્યા છે; તેમાં યુક્તિ અને શાસ્ત્ર વગેરેથી વિરોધ ન આવે એવાં પ્રમાણુજ વિદ્વાનોને ગ્રાહ્ય છે. તો પુરાણોની ઉક્ત પ્રકારે અનેક શાસ્ત્રવિરૂદ્ધ વાતો પ્રમાણુ અને યુક્તિથી વિરૂદ્ધ હોવાથી પરિત્યાજ્ય છે.

एवं बाधसहस्राणां सत्त्वं चात्रानुभूयते ।
विरम्यते यतस्तस्माज्जगद्द्वेषकृदेव हि ॥ २२ ॥

એ પ્રમાણે હજારો બાધ પુરાણોમાં જોવામાં આવે છે, એમ છતાં એવી રીતે પુરાણોને દોષ આપવાથી અજ્ઞાન જગતનો દ્વેષ માત્ર ઉત્પન્ન થાય છે માટે તેવા બાધ ન કહેતાં અટકીએ છીએ.

મતલબ એ છે કે આવી રીતે અનેક પ્રકારે વિરોધ પામતાં પ્રમાણો અપ્રમાણુ તરીકે જોવામાં આવે છે, છતાં શ્રુતિસ્મૃતિ-

ઓમાં કહેલા અર્થને અનુસરીને જે જે ઉદાહરણો શ્રુત્યર્થને દઢ કરવા માટે પુરાણોમાં આપેલાં છે તે શાસ્ત્રવિરૂદ્ધ ન હોવાથી ગ્રાહ્ય છે, અને શ્રુતિસ્મૃતિવિરૂદ્ધ રાસક્રીડા, માતુલવધ, આદિક નિષિદ્ધ કર્મોનાં ઉદાહરણો અનુકરણીય ન હોવાથી પરિત્યાજ્ય છે, એમ જણાવવાને માટે પણ અનેક પ્રકારનાં ઉદાહરણો પુરાણોમાં આપેલાં છે. અર્થાત્ સત્કર્મો કરવાં—દુષ્કર્મ ન કરવાં, એજ પુરાણોનો અભિપ્રાય છે. માટે જે જે વિરૂદ્ધ વાતો પુરાણોમાં જોવામાં આવે છે તે અર્થવાદરૂપ હોવાથી તે અર્થ ગ્રહણ કરાવવામાં પુરાણોનું તાત્પર્ય નથી એટલું કહી વિરામ પામીએ છીએ.

कल्पभेदसमाधानं न युक्तं मन्यते बुधः ।
धाता यथापूर्वमिति श्रुतिवाक्याद्विरुद्ध्यते ॥ २३ ॥

કેટલાક પૌરાણિકો પુરાણના પક્ષના વિરોધનો પરિહાર કરતાં કહે છે કે કલ્પભેદથી પુરાણોમાં લખેલો સૃષ્ટિક્રમ વગેરે પરસ્પર વિરૂદ્ધ વાતો ઘટી શકે છે, માટે વિરોધ નથી. એ વાત પણ અસિદ્ધ લાગે છે. કેમકે શ્રુતિમાં કહ્યું છે કે, " भूरिति व्याहरन् भुवमसृजत्, आप इति व्याहरन् अपोऽसृजन्त सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्. " મતલબ કે પૃથ્વી, જળ, સૂર્ય, ચંદ્ર, વગેરે સર્વ પદાર્થો સૃષ્ટિકર્ત્તાએ પ્રલયકાળની સમાપ્તિમાં પૂર્વ સૃષ્ટિના જેવાંજ પ્રકટ કર્યાં છે. તો પુરાણોમાં કલ્પભેદને લીધે વિરૂદ્ધ વાતો બને એમ કહેનારને વેદોનો પરિત્યાગ કરવો પડશે.

तस्माच्छाब्दप्रमा नैव प्रभुरूपविचारणे ।
कथंचिदनुमानं स्यात्परं बुद्धेः परस्तु सः ॥ २४ ॥

માટે પરમેશ્વરના સ્વરૂપનો વિચાર કરવામાં શબ્દ પ્રમાણ અને ખાસ કરીને પૌરાણિક વચનો ઉપયોગી નથી. આ બધા કરતાં સર્વત્ર અનુમાનજ પ્રમાણ તરિકે માનવામાં અનુકૂળ જણાય છે. પણ ઈશ્વરની સિદ્ધિ કરવામાં બુદ્ધિ પણ કામ કરી શકે નહિ. કેમકે તે તો બુદ્ધિથી પણ પર છે. અર્થાત્ ઈશ્વર-સિદ્ધિમાં સર્વ પ્રમાણો કુંઠિત થઇ અનુભવજ ઉપયોગમાં આવે છે. એ અનુભવ જ્યાં સુધી અનીશ્વર પદાર્થોમાં રાગ છે ત્યાં સુધી પ્રાપ્ત થવાનો નથી, એમ કહેવાનો આશય છે.

परिमलपुरवासी वैद्यनाथाख्यसूरिः
स्वकृत इह निबंधे बंधुवर्गैकगम्ये
व्यरचयदिममाद्यं ज्ञानदीपेऽतिरम्यं
किरणमनुमतं धीशालिनां नेतरेषाम् ॥ २५ ॥

इति श्री रैकज्ञातिसमुद्भव राजाराम तनूद्भव वैद्यनाथसूरि-विरचिते ज्ञानदीपे प्रथमः किरणः ॥ १ ॥

આમોદ નગરના નિવાસી શ્રી વૈદ્યનાથ નામે વિદ્વાને, પોતાના કરેલા અને પોતાના જેવાજ વિદ્વાન બંધુવર્ગથીજ સમજાય એવા આ જ્ઞાનદીપ નામના નિબંધમાં આ પ્રથમ કિરણ રચ્યો છે; જે અવિદ્વાન અને દુરાગ્રહી પુરૂષોને નહિ, પણ બુદ્ધિમાન પુરૂષોને અતિશય આનંદદાયક થઇ માન્ય થશે.

એ પ્રમાણે રાયકવાળ જ્ઞાતિમાં જન્મેલા રાજારામના પુત્ર વૈદ્યનાથ સૂરિવિરચિત જ્ઞાનદીપમાં પ્રથમ કિરણ સમાપ્ત થયો.

द्वितीयः किरणः ॥

अत एव मतानां हि नानात्वं चात्र भारते ।
अन्यत्राप्यवलोक्यंते मतान्यन्यानि भूतले ॥ १ ॥

પાછલા કિરણમાં કહ્યા પ્રમાણે પુરાણોમાં અનંત અવતારાદિ વિષયો પરસ્પર વિરૂદ્ધ રીતે સિદ્ધ કરવામાં આવેલા હોવાથી શૈવ, વૈષ્ણવ આદિ અનેક મતમતાંતરની પ્રવૃત્તિ આપણા ભારત દેશમાં જોઇએ છીએ. અને ભારતભૂમિ વિના અન્ય સ્થળે પણ એવીજ રીતનાં અનેક પ્રકારનાં મતમતાંતર જોવામાં આવે છે.

तानि संक्षेपतश्चात्र लिखाम्यहमनुक्रमात् ।
आचार्यास्त्रिविधास्तत्र शैवनास्तिकवैष्णवाः ॥ २ ॥

તે સર્વનો આ કિરણમાં અનુક્રમે સંક્ષેપથી નિર્દેશ કર્યો છે. તેમાં શૈવ, નાસ્તિક અને વૈષ્ણવ, એ ભેદથી ત્રણ પ્રકારના આચાર્યો જોવામાં આવે છે.

शैवेष्वपि विधा नाना जाताः शाक्तादिभेदतः ।
नास्तिका द्विविधास्तत्र बौद्धजैनादिनामतः ॥ ३ ॥

[1]શૈવ મતમાં પણ શાક્તાદિ ભેદથી અનેક પ્રકાર છે.

---

૧ શૈવ મતમાં શૈવ, પાશુપત, કારૂણિક અને કાપાલિક, સિદ્ધાંતથી ઓળખાતા ચાર સિદ્ધાંતો છે. યદ્યાપિ આ ચાર મતનું સ્પષ્ટીકરણ કરીએ તો ગ્રંથનો બહુ વિસ્તાર થાય તથાપિ ચારે મતના સામાન્ય સિદ્ધાંત એ છે કેઃ—

કાર્ય, કારણ, યોગ, વિધિ અને દુઃખાન્ત, આ પાંચ પદાર્થો નિમિત્ત કારણભૂત સ્વતંત્ર ઈશ્વરે રચેલા છે.

[1]બૌદ્ધ અને [2]જૈનાદિ નામથી નાસ્તિકો બે પ્રકારના છે.

પૃથ્વ્યાદિ પંચ ભૂત અને રૂપાદિ પાંચ ગુણો એનું નામ કાર્ય છે.

પંચ જ્ઞાનેંદ્રિય, પંચ કર્મેંદ્રિય, મન, બુદ્ધિ, અહંકાર, એનું નામ કારણ છે.

સમાધિને યોગ કહે છે.

વ્રત અને દ્વાર નામથી વિધિ બે પ્રકારના છેઃ તેમાં ભસ્મસ્નાન, ભસ્મશયન, હસન, નૃત્ય, ગીત, હુડુકાર (બળદની પેઠે બોલવું), અને નમસ્કાર, આ પ્રકારે વ્રતવિધિના અંતર્વિભાગ છે; અને કાથન (સુષુપ્તિ અવસ્થાના જેવી સ્થિતિ), સ્પંદન, મંદયાન (લંગડાની પેઠે ચાલવું), શૃંગાર (મંદિરાદિમાં કોઇ પણ સ્ત્રીને જોઇને 'હું તમારી ઇચ્છા કરૂં છું' એવી રીતે કોઇ પણ ચેષ્ટાથી તેને સમજાવવું) શૃંગારસંજ્ઞા (મંદિરાદિમાં લોકનિંદિત કર્માનુષ્ઠાન કરવું) 'શૃંગારકરણ (બં બં ઇત્યાદિ શબ્દ બોલવા), આ પ્રમાણે દ્વારવિધિ છ પ્રકારનો છે.

દુઃખાન્ત સાત્મક, નિરાત્મક, ભેદથી બે પ્રકારનો છેઃ તેમાં દક્શક્તિ અને ક્રિયાશક્તિ ભેદથી સાત્મક દુઃખાન્તના બે વિભાગ છે. તેમાં દર્શન, શ્રવણ, મનન, વિજ્ઞાન, અને સર્વજ્ઞતા, એ ભેદથી દક્શક્તિ પાંચ પ્રકારની છે. મનોજવત્વ (મનના જેવો વેગ), કામરૂપિત્વ (ઇચ્છામાં આવે એવાં રૂપ ધારણ કરવાની શક્તિ), આદિ ક્રિયાશક્તિના વિભાગ છે.

એ સર્વ પદાર્થો પશુપતિ એટલે પશુ (જીવો)ના પતિ (ઇશ્વર) એમણે નિર્માણ કરેલા છે. એવી રીતે પશુપતિ–મતનો સંક્ષેપ છે.

આ શૈવ મતમાં શાક્ત મતનો પણ સમાવેશ થાય છે. વામમાર્ગ નામથી પ્રસિદ્ધ એ શાક્ત મત અતિ નિષિદ્ધ અને કષ્ટાચાર વગેરેથી પૂર્ણ હોવાથી અત્ર જણાવવા યોગ્ય નથી.

૧ બૌદ્ધ મતના ચાર વિભાગ છેઃ માધ્યમિક, યોગાચાર, વૈભાષિક, અને સૌત્રાંતિક તેઓ અનુક્રમે શૂન્યવાદી, ક્ષણિક વિજ્ઞાનવાદી,

जैनाश्चतुरशीत्या वै गच्छानां संख्यया स्मृताः ।

तेषां नानाविधा ग्रंथा ब.वादविराजिताः ॥ ४ ॥

જૈનોના ગચ્છની સંખ્યા ચોરાશી છે, તેથી તેટલા પ્રકારના જૈન કહેવાય છે. તેમના પણ ઘણા પ્રકારના વાદવડે સુશોભિત અનેક ગ્રંથો છે.

આ મત સાંપ્રત કાળમાં પ્રચલિત હોવાથી સર્વને વિદિત છે, તેની વિસ્તૃત માહિતી મેળવવી હોય તો પ્રમાણ ને તત્વાલોકાદિ જૈન ગ્રંથોમાંથી મેળવી લેવી.

वैष्णवेष्वपि चत्वार आचार्यप्रमुखा मताः ।

मध्वो रामानुजश्चैव तथा निम्बार्कवल्लभौ ॥ ५ ॥

વૈષ્ણવ મતમાં પણ મધ્વ, રામાનુજ, નિમ્બાર્ક, અને વલ્લભાચાર્ય, એ ચાર આચાર્યો મુખ્ય છે.

द्वैतवादी तु मध्वाख्यो विशिष्टाद्वैतवादकृ ।

रामानुज इति प्रोक्तो निम्बार्कश्चोभयं जगौ ॥ ६ ॥

તેમાં મધ્વાચાર્ય દ્વૈતવાદી છે; રામાનુજનો વિશિષ્ટાદ્વૈત વાદ છે; અને નિમ્બાર્ક દ્વૈતાદ્વૈતવાદી છે.

બાહ્યાસ્તિત્વવાદી અને બાહ્યાભ્યાંતરાસ્તિત્વવાદી, એમ ચાર પ્રકારના છે. તેમનો સંક્ષેપ પાછળ કહેવામાં આવ્યો છે.

૨ જૈન મતમાં જીવ અજીવાદિ [1]સાત તત્વ અને [2]છ દ્રવ્ય છે. તેની પણ દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી ઇત્યાદિ અનેક શાખાઓ છે.

---

૧ જૈનોનાં સાત તત્ત્વ—જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. ૨ જૈનોનાં છ દ્રવ્ય—ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, જીવ, કાળ.

મધ્વાચાર્યનું બીજું નામ આનંદતીર્થ છે. તેમના મતમાં સ્વતંત્ર અને અસ્વતંત્ર બે તત્વો છે, અને એજ વેદશાસ્ત્રનો સિદ્ધાંત છે એમ તેઓ સિદ્ધ કરે છે. જેમકે, વિષ્ણુ ભગવાન સર્વ સદ્ગુણયુક્ત છે તથા સર્વ દોષરહિત છે. એજ 'સ્વતંત્ર પદાર્થ છે. જીવ અને જડ એવા ભેદથી અસ્વતંત્ર તત્વ બે પ્રકારનું છે. તેમાં જીવ નિત્ય અને અણુ છે. તે વિષ્ણુને અધીન હોવાથી તેની સેવા કરી વૈકુંઠ લોકને પામવું એ જીવનું કર્તવ્ય છે

સેવા ત્રણ પ્રકારની છે: અંકન, નામકરણ અને ભજન. શંખ-ચક્રાદિ તપ્તમુદ્રાનું ધારણ કરવું તે અંકન, તથા પુત્રાદિકોનાં કેશવાદિ નામ પાડવાં તે નામકરણ કહેવાય છે, કાયિક, વાચિક, અને માનસિક, એવા ત્રણ ભેદ ભજનના છે. પરિત્રાણ એટલે કોઇનું રક્ષણ કરવું, દાન, સત્યવચન, પ્રિયવચન, પુરાણાધ્યયન, દયા, સ્પૃહા, શ્રદ્ધા, વગેરે ભજનના પ્રકાર છે, તેનો કાયિકાદિ ત્રણમાં સમાવેશ થાય છે. આ મતમાં પ્રત્યક્ષાદિ આઠ પ્રમાણો માન્ય છે.

રામાનુજ વિશિષ્ટાદ્વૈતવાદી કહેવાય છે. તેમના મતમાં પ્રમાણ અને પ્રમેય, બે પદાર્થ મુખ્ય છે. તેમાં પ્રમેય પદાર્થ દ્રવ્ય અને અદ્રવ્ય ભેદથી બે પ્રકારનો છે. દ્રવ્ય પણ જડ દ્રવ્ય અને અજડ દ્રવ્ય એવા બે ભેદવાળું છે. એ જડ અજડ બન્ને ઈશ્વરનાં શરીર છે. જડ દ્રવ્યના પ્રકૃતિ અને કાળ એવા બે વિભાગ છે. પ્રકૃતિ પણ મૂળ પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, મન, પંચ જ્ઞાનેંદ્રિયો, પંચ કર્મેંદ્રિયો, પંચ તન્માત્રા, પંચ મહાભૂત,

એ પ્રકારે ચોવીશ પ્રકારની છે. કાળના ઉપાધિ ભેદથી ભૂત, વર્તમાન, અને ભાવિ, એવા ત્રણ પ્રકાર થાય છે.

અજડ દ્રવ્ય પરાક્ અને પ્રત્યક્ એવા બે ભેદવાળું છે. પ-રાક્ દ્રવ્યના વળી બે ભેદ છે: (૧) નિત્ય વિભૂતિ અને (૨) ધર્મ ભૂતજ્ઞાન. પ્રત્યક્ અજડ દ્રવ્યના પણ બે ભેદ છે: (૧) જીવ અને (૨) ઈશ્વર. જીવના ત્રણ વિભાગ છે. (૧) બદ્ધ, (૨) મુક્ત, (૩) નિત્ય. બદ્ધ જીવના વળી બે પ્રકાર છે: (૧) મુમુક્ષુ અને (૨) બુભુક્ષુ. મુમુક્ષુ પણ મોક્ષપરાયણ અને કૈવલ્ય-પરાયણ ભેદથી દ્વિવિધ કહેવાય છે. મોક્ષપરાયણ પણ ભક્ત અને પ્રપન્ન નામથી બે પ્રકારે ઓળખાય છે. તેમાં પણ પ્રપન્ન જીવના ઐકાંતિક અને પરમૈકાંતિક એવા બે ભેદ છે. પરમૈકાંતિક વળી દૃપ્ત અને આર્ત્ત એવા બે પ્રકારનો છે. મુમુક્ષુ જીવ ભોગપરાયણ અને ધર્મપરાયણ એવા બે પ્રકારનો હોય છે. તેમાં ધર્મપરાયણ પણ ભગવત્પરાયણ અને દેવતાપરાયણ એવા બે ભેદવાળો છે. ઈશ્વર તો અનેક પ્રકારના છે, એ પૂર્વેજ કહેવામાં આવેલું છે. આ પ્રમાણે દ્રવ્ય પદાર્થના વિભાગ છે.

અદ્રવ્ય પદાર્થ તો સત્વ, રજસ્, તમસ્, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, સંયોગ, અને શક્તિ નામે દશ પ્રકારનો છે.

એટલા પ્રમેય પદાર્થ છે.

પ્રમાણ પદાર્થ પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ, એવા ભેદથી ત્રણજ પ્રકારનો છે. આ રામાનુજ મતનું સંક્ષિપ્ત સ્વરૂપ છે.

નિમ્બાર્ક દ્વૈતાદ્વૈત મતને માને છે. એ મત આ દેશમાં પ્રચલિત નથી તેથી તે સંબંધી વિશેષ જાણુવાની ઈચ્છાવાળાએએ નિમ્બાર્ક સંપ્રદાયના ગ્રંથમાંથી માહિતી મેળવવી ઘટે છે.

श्रीवल्लभस्तथा स्वीयं शुद्धाद्वैतमतं जगौ ।
परस्परविरुद्धानि स्थापितानि मतानि तैः ॥ ७ ॥

શ્રી વલ્લભાચાર્યે પોતાનો શુદ્ધાદ્વૈત મત કથન કરેલો છે. એ રીતે એ ચારે વૈષ્ણવ આચાર્યોએ પરસ્પર વિરૂદ્ધ એવાં પોતાનાં મત સ્થાપિત કરેલાં છે.

શ્રી વલ્લભાચાર્યના મતમાં પૂર્ણ પુરૂષોત્તમ, જીવ અને જડ આવા ત્રણ પદાર્થ છે. તેમાં પૂર્ણ પુરૂષોત્તમને બ્રહ્મ, ઈશ્વર, એવાં નામ આપવામાં આવે છે, તથા તે અક્ષરબ્રહ્મનું આયતન છે તથા લીલારૂપે ભક્તોની ઈચ્છાનુસાર અનંત અવતાર ધારણ કરે છે એમ માને છે. તે અવતારોની બાલ્ય, કિશોર, આદિ ઘણા અવસ્થા-વિશેષ છે. તે સર્વ નિત્ય છે. તેજ પૂર્ણ પુરૂષોત્તમ ભક્તોને અધીન છે, જ્ઞાન-લીલા આદિએ કરીને મુક્ત છે, તથા કર્ત્તા ભોક્તા છે, અર્થાત્ સત્યજ્ઞાનાનંત આદિ ધર્મોની પેઠે અલૌકિક કર્તૃત્વ ભોક્તૃત્વ પણ પૂર્ણ પુરૂષોતમનો ધર્મ છે. એજ જગતનું સમવાયી કારણ અને નિમિત્ત કારણ બને છે, અને તેથીજ અંતર્યામી રૂપે સર્વ પદાર્થોમાં તે તે આકારવાળા થઇ રહે છે. વળી નિર્ગુણ તથા અનંત એવા ભેદથી બ્રહ્મ બે પ્રકારનું છે. જેમ અગ્નિમાંથી તણખા ઉડે છે તેમ બ્રહ્મથી આકાશાદિ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. જીવ અનંત છે અને અણુ

પરિમાણુવાળો છે. અવિદ્યાવાળો જીવ અવિદ્યાને લીધે સ્વધર્મ, જ્ઞાન, ઐશ્વર્યાદિનું વિસ્મરણ પામેલો છે. વળી તે પોતાના જ્ઞાન ગુણે કરીને દીવાના પ્રકાશની પેઠે દેહમાં સર્વત્ર વ્યાપ્ત છે. જીવ પણ બ્રહ્મથી વિસ્ફુલિંગ (તણખા) ની પેઠે પ્રકટ થાય છે. આ પ્રમાણે શ્રી વલ્લભસંપ્રદાયનો સંક્ષેપ છે.

આ મતમાં મર્યાદી માર્ગ અને પુષ્ટિ માર્ગ એવા બે વિભાગ છે. તેમાં મર્યાદી માર્ગને વર્ણાશ્રમધર્મની આવશ્યકતા નથી, પણ પુષ્ટિ માર્ગનેજ તેની આવશ્યકતા છે. જીવો નવધા ભક્તિથી પરમેશ્વરને પામે છે એવો તેમનો સિદ્ધાંત છે.

अन्योऽन्यमतविद्वेषाद्विवदन्तेऽत्र ते मुधा ।
न कस्यापीशमुद्रास्ति मते किं स्यात्ततो बुधाः ॥ ८ ॥

પૂર્વોક્ત સર્વે મતવાળાઓ એક બીજાના મતનો વિદ્વેષ કરીને મિથ્યા વિવાદ કરે છે. ખરૂં જોતાં અમુકનો મત ખરો છે એવી ઈશ્વર તરફની છાપ કોઇની પાસે નથી. એમ છે તો પછી હે પંડિતો, એવો વાદ કરવાથી અને દ્વેષ કરવાથી શું ફળ થવાનું છે ? અર્થાત્ પરસ્પરના મતનો વિદ્વેષ છોડી દઇને સર્વ કોઇએ દુરાગ્રહ તજી મધ્યસ્થપણાથી વિચાર કરી જે યથાર્થ લાગે તેજ ગ્રહણ કરવું એ હિતાવહ છે.

एवं शैवादिमतगा विरक्ता गृहिणोऽपि हि ।
सन्त्येव बहवो लोके स्वमार्गोत्कर्षभाषिणः ॥ ९ ॥

એ પ્રમાણે પૂર્વે જે શૈવ વૈષ્ણવાદિ મતો કહ્યા તેમાં પણ કેટલાક વિરક્ત એટલે વૈરાગી છે અને કેટલાક ગૃહસ્થાશ્રમી

પણ છે, અને તે સર્વે પોતપોતાના મતની વડાઇનું લોકોમાં કથન કર્યા કરે છે.

विरक्तेष्वपि शैवेषु वैष्णवेषु तथैव हि ।
भेदास्तु बहवो दृष्टास्तत्र शैवान्निबोधत ॥ १० ॥

શૈવ મતમાં અને વૈષ્ણવ મતમાં જેઓ વિરક્ત છે, તેમનામાં પણ અંદર અંદર અનેક ભેદ જોવામાં આવે છે. તેમાંથી શૈવ માર્ગના ભેદ હું તમને કહું છું તે ધ્યાનમાં રાખો.

निर्वाणाद्याः वैष्णवांस्तु द्विपंचाशद्गुरूद्गतान् ।
शैवा रामानुजा माध्वा बौद्धा जैनाश्च दण्डिनः ॥ ११ ॥

શૈવ મતના વેરાગી કેટલાક નિર્વાણ કહેવાય છે અને બીજા પણ એવાજ ઘણાક ભેદ છે. વૈષ્ણવોના ગુરૂઓની પરંપરાથી ઉત્પન્ન થયેલા બાવન ભેદ છે. વળી બીજા મતોમાં પણ વિરક્તો હોય છે તેઓ શૈવ, રામાનુજ, માધ્વ (મધ્વ મતના વેરાગીઓ), બૌદ્ધના ભિક્ષુઓ, જૈનોના સાધુઓ, અને વેદ માર્ગાનુગામી દંડી સ્વામીઓ વગેરે છે.

एवं मतानां नानात्वाद्वेदमार्गः पुरातनः ।
निर्लीन इव लोकेऽस्मिन् दृश्यते यत्र कुत्रचित् ॥ १२ ॥

એ પ્રમાણે અનેક પ્રકારના મતો ઉત્પન્ન થવાથી સનાતન વેદમાર્ગ આ લોકમાં કંઇક સંતાઇ પેઠો હોય તેમ અહીં તહીં કોઇ કોઇ સ્થળે જોવામાં આવે છે.

तथाऽन्यत्र स्थितानां तु मतानां निर्णयस्त्वयम् ।
चीनादिदेशवर्येषु बौद्धादीनां मतानि हि ॥ १३ ॥

આ દેશમાંજ ધર્મવિષયક આવા ભિન્ન ભિન્ન મતો છે એમ નથી; પરંતુ ચીન, જાપાન, ટિબેટ, બ્રહ્મદેશ, આદિ દેશોમાં બૌદ્ધ આચાર્યોના મતો ફેલાયલા છે તેમનામાં પણ એવાજ અનેક ભેદ છે.

वनाय्वादिषु देशेषु ये धर्माः प्रचलन्ति हि ।
मूषी महंमदश्चैव क्रैस्ताद्यास्तत्प्रवर्तकाः ॥ १४ ॥

વનાયુ આદિ દેશોમાં જે જે ધર્મો ચાલે છે તેના પ્રવર્તક મહા પુરૂષો મુસા પેગંબર, હજરત મહમદ, ઇશુ ખ્રિસ્ત વગેરે થયા છે.

अपूजकाः पूजकाश्च द्विधा तेऽपि प्रकीर्तिताः ।
नास्तिकाः केपि तत्रस्यू रसायनमतानुगाः ॥१५ ॥

તેમનામાં પણ કેટલાક મૂર્તિપૂજક અને કેટલાક મૂર્તિ-પૂજાને નહિ માનનારા છે. એવી રીતે તેમના પણ મુખ્ય બે ભેદ કહેવાય છે. તે દેશોમાં પણ રસાયન મતના અનુસારી એટલે પદાર્થ-વિદ્યાનેજ માન આપનારા નાસ્તિકો પણ કેટલાક હશે.

एवं सर्वत्र भूलोके परस्परविरोधिनाम् ।
मतानां कलहैः सर्वे परस्परविरोधिनः ॥ १६ ॥

એ પ્રમાણે આ પૃથ્વી લોકમાં પરસ્પર વિરોધી મતોની લડાઇઓને લીધે તે તે મતના અનુયાયીઓ એક બીજા સાથે વિરોધ રાખે છે.

सर्वेऽपि मूलभूतान् स्वान् ग्रंथान् सम्मानयन्ति हि ।
प्रामाण्यमीश्वरोक्तत्वाद् दृढयन्ति विवादिनः ॥ १७ ॥

તેઓ બધાજ પોતાના ધર્મના મૂળ ગ્રંથોને પ્રમાણભૂત માને છે, અને તે ગ્રંથો ઇશ્વરોક્ત છે એમ કહીને બીજાઓ જોડે વિવાદ કરી પોતાના સિદ્ધાંતને દ્રઢ કરે છે.

चालिनीन्यायतः सर्वमतानां खंडनं स्मृतम् ।
परस्परविरोधात्त नैकमत्रावतिष्ठते ॥ १८ ॥

એમ છતાં ચાલિની ન્યાયથી સર્વે મતોનું ખંડન થઇ જાય છે અને એક બીજાના વિરોધથી એક પણ મત સિદ્ધ થઈ શકતો નથી. એટલે જેમ ચોખા ચાળવાના ચાળણાને ફેરવવાથી પરસ્પર અથડાઇને એક પછી એક બધાજ ચોખા નીચે ગરી પડે છે અને છેવટે એક પણ દાણો ચાયણામાં રહેતો નથી, એવી રીતે બધા મતો પરસ્પર સાથે અથડામણમાં આવીને પરસ્પરથી ખંડિત થઇ જાય છે અને છેવટે એક પણ ટકતો નથી.

परोक्षवादकुशलाः प्रत्यक्षेऽतथ्यवादिनः ।
प्रामाण्यं नैवमर्हन्ति वाक्छूरास्तु यतो हि ते ॥ १९ ॥

ઘણું કરીને એ બધાજ મત–માર્ગવાળાઓ પરોક્ષ વસ્તુ જે ઇશ્વર, સ્વર્ગ, નરક, આદિ તે સંબંધી વાદ કરવામાં કુશળ હોય છે અને જે વસ્તુઓ પ્રત્યક્ષ છે તેને અનિત્યતાદિ દોષ આપી અસત્ય ઠરાવનારા હોય છે, એવા વાદીઓનાં વચનો પ્રમાણ થવાને યોગ્ય હોતાં નથી, કેમકે તેઓ વાણીથી વાદ માત્ર કરવામાંજ શૂરા (કુશળ) હોય છે. અર્થાત્ એવી શબ્દનીજ તકરારો કાંઈ અર્થ સિદ્ધ કરી શકતી નથી.

विविक्तव्यं विद्वद्भिर्धीसाफल्याय निर्णयः ॥
न विवेकात्परं लोके श्रेष्ठं किंचिदुदाहृतम् ॥ २० ॥

એમ છતાં વિદ્વાન પુરૂષોએ સત્યાસત્યનો વિવેક કરીને કોઈ પણ નિર્ણય કરવાની તો જરૂર છેજ, કેમકે મનુષ્યને જે બુદ્ધિ પ્રાપ્ત થયેલી છે તે એવો નિર્ણય કરવાથીજ સફળ થાય છે. અર્થાત્ મનુષ્ય જન્મ પામીને સત્યાસત્યનો નિર્ણયજ ન કરી શકે તો તેની બુદ્ધિ નિષ્ફળ સમજવી. કારણ કે આ લોકમાં સત્યાસત્યનો નિર્ણય કરવા રૂપ વિવેકના કરતાં બીજું કાંઈજ ઉત્તમ કહેલું નથી.

पूर्वोक्तानां हि दोषाणामस्ति सर्वत्र संभवः ।
न तेन विदुषां रोषलेशोऽपि स्यान्ममोपरि ॥ २१ ॥

પાછળ જે જે દોષ બતાવવામાં આવ્યા છે તે તો સર્વે ઠેકાણે હોવાનો સંભવ છે, તેથી કરીને વિદ્વાન પુરૂષોનો મારા ઉપર લગાર પણ રોષ થવાનું કાંઈ કારણ નથી.

शास्त्रं मदीयमीशोक्तमनीशोक्तं परस्य तु ।
इति वक्तुं नावकाशः कस्याप्यस्तीति बुद्ध्यताम् ॥ २२ ॥

કેમકે મારૂં શાસ્ત્ર ઈશ્વરના મુખમાંથી નીકળેલું છે અને બીજાનું શાસ્ત્ર તો મનુષ્યાદિના મુખમાંથી ઉત્પન્ન થયેલું છે, એમ કહેવાનો અવકાશ કોઇને પણ નથી એ સમજી લેવાનું છે.

तस्माद्दृढावलंबेन यत्सेत्स्यति तदेव हि ।
मतं तु विदुषां श्लाघ्यं भविष्यति न चान्यथा ॥ २३ ॥

એટલા માટે મજબુત ટેકાવડે એટલે અબાધિત પ્રત્યક્ષ

પ્રમાણુથી, યુક્તિથી અને શાસ્ત્રથી અથવા બીજી રીતે કહીએ તો શ્રુતિ યુક્તિ અને અનુભવથી જે સિદ્ધ થાય તેજ મતને વિદ્વાનો વખાણશે, પણ તેથી ઉલટું હશે તો, એટલે કોઇ પણ પ્રમાણુથી બાધિત હશે, યુક્તિસિદ્ધ નહિ હોય, તેમ કોઈ શાસ્ત્રનો પણ જેને ટેકો નહિ હોય તેને પંડિતો પસંદ કરશે નહિ.

विवादे वादिनोः कश्चिन्मध्ये साक्षी तु सत्यवाक् ।
प्रमाणदर्शकः स्याच्चेत्तर्हि वादः प्रशाम्यति ॥ २४ ॥

વિવાદ કરવામાં પણ બે વાદીઓની વચ્ચે કોઇ સત્યવાદી અને પ્રમાણુને બતાવી શકે એવો સાક્ષી હોય ત્યારે તો વાદનો નિર્ણય થઇને વાદ ઉપશમ પામે છે.

अतोऽबाधितप्रत्यक्षबोधकं शास्त्रमाश्रयेत् ।
विरुद्ध्यते तु यत्तेन तदलीकं न संशयः ॥ २५ ॥

इति श्री रैकज्ञातिसमुद्भव राजाराम तनूद्भव वैद्यनाथसूरि-
विरचिते ज्ञानदीपे द्वितीयः किरणः ॥ २ ॥

એટલા માટે પાછળ કહ્યુ તેમ અબાધિત પ્રત્યક્ષ વસ્તુનો બોધ કરનારૂં જે શાસ્ત્ર હોય તેનો આશ્રય કરવો; કેમકે તે-નાથી જે વિરોધી હોય તે શાસ્ત્ર અસત્ય છે એમાં કાંઈ સંશય નથી.

આ સ્થળે ગ્રંથકારે અબાધિત પ્રત્યક્ષ વસ્તુ જે આત્મા, તેને ધ્યાનમાં રાખીને આ શ્લોક લખ્યો છે. અર્થાત્ આત્મ-વસ્તુનો બોધ કરનારૂં શાસ્ત્ર સત્ય છે અને અનાત્મ વસ્તુનો બોધ કરનારાં શાસ્ત્ર બાધિત હોવાથી અસત્ય છે.

એ પ્રમાણે રૈકવ જ્ઞાતિમાં જન્મેલા રાજારામના પુત્ર વૈદ્ય-નાથ સૂરિએ રચેલા જ્ઞાનદીપમાં બીજો કિરણ સમાપ્ત થયો.

तृतीयः किरणः ।

अथ विश्वेश्वरं देवं सर्वशक्तिसमन्वितम् ।

दयाद्यनंतसुगुणा यमजस्रमुपाश्रिताः ॥ १ ॥

निदानं सर्व जगतामवाङ्मनसगोचरम् ।

प्रणम्य तं परं ब्रह्म नीतिं वक्ष्यामि शाश्वतीम् ॥ २ ॥

પાછલા બે કિરણોમાં ધર્મ સંબંધી મતોની ભિન્નતા બતાવી, તેથી વાંચનારને પણ એમ થવા સંભવ છે કે ત્યારે હવે અમારે કેવી રીતે વર્તવું, કે જેથી આ લોક અને પરલોક સુધરે? એ પ્રશ્નનો જવાબ આપવાને આ કિરણનો આરંભ કર્યો છે. બહુવાદિસિદ્ધ ઈશ્વર માન્ય છે એમ જણાવતાં તે રૂપમાં ઈશ્વરને નમસ્કાર કરી આ તૃતીય કિરણનો આરંભ કરે છે.

દયાદિ અનંત સદ્ગુણો સદૈવ જેનો આશ્રય કરી રહ્યા છે અને જે સર્વશક્તિયુક્ત વિશ્વેશ્વર છે, જે આ સર્વ જગતનો મૂળ ભૂત છે અર્થાત્ જેનામાંથીજ આ જગત થયાં છે. એમ છતાં જે વાણીથી કહી શકાય એવો નથી, મનથી કલ્પી શકાય એવો નથી, એવા આ પરબ્રહ્મરૂપ પરમેશ્વરને પ્રણામ કરીને હવે હું સનાતન નીતિ કહેવાનો આરંભ કરૂં છું.

नेश्वरं येऽभिमन्यन्ते मते तेषां हि गौरवम् ।

तस्मादीशस्तु मंतव्यो बहुवादिमतो यतः ॥ ३ ॥

જે લોકો ઈશ્વરને માનતા નથી તેમના મતમાં સૃષ્ટિની વ્યવસ્થા આદિ ઘટાવવાને વિવિધ કલ્પનાઓ કરવી પડે છે, એ તેમના મતમાં ગૌરવ છે. (ટુંકી અને સરળ કલ્પનાથી સિદ્ધાંત

બંધ બેસતો હોય, તેમ છતાં લાંબી અને ક્લિષ્ટ કલ્પના કરવી એને ગૌરવ દોષ કહે છે) એટલા માટે ઈશ્વરને માનવો એજ સારૂં છે. વળી ઈશ્વરને નહિ માનનારા સંપ્રદાયો કરતાં ઈશ્વરને માનનારા સંપ્રદાયો ઘણા છે માટે પણ ઈશ્વરને માનવો જોઈએ.

अनिशं प्रातरुत्थाय स्मरेत्तं परमेश्वरम् ।

प्रार्थयेत् परया भक्त्या ततः कार्यान्तरं चरेत् ॥ ४ ॥

હરરોજ પ્રાતઃકાળમાં ઊઠીને પૂર્વોક્ત જગત્કર્ત્તા ઈશ્વરનું સ્મરણ કરવું અને પરમ ભક્તિ–ભાવથી તેની પ્રાર્થના કરવી. તે પછી અન્ય કાર્યો કરવાં.

ब्रह्मांडगोल एतस्मिन्द्विपत्कीटं हि मां विभो ।

विचारशक्त्या संयोज्य मनुजं कृतवान् यतः ॥ ५ ॥

त्वमग्र्यो नः पिता तस्मात्सर्वसौख्यप्रदायकः ।

पुत्रस्तवाहं देवेश पापबुद्धिं निवर्तय ॥ ६ ॥

ઈશ્વરની પ્રાર્થના આવી રીતે કરવીઃ– હે સર્વવ્યાપક પરમેશ્વર, આ બ્રહ્માંડ રૂપી ગોળામાં હું એક બે પગનો કીડો છું; તેને–મને વિચાર શક્તિ આપીને તમે મનુષ્ય કર્યો છે. તે કારણથી તમે અમારા સર્વશ્રેષ્ઠ પિતા છો. તમેજ અમને બધાં સુખ આપનારા છો. હે દેવોના સ્વામી, હું તમારો પુત્ર છું; મારી પાપબુદ્ધિ દૂર કરો.

वाङ्मनोविषयातीतो यतस्त्वं परमेश्वरः ।

नाधिकं प्रार्थितुं शक्तः स्थित्यज्ञानात्तव प्रभो ॥ ७ ॥

હે પ્રભો ! વાણીથી તમારા સ્વરૂપનું વર્ણન થઈ શકતું નથી

તથા મન વડે તમારૂં ધ્યાન થઇ શકતું નથી એવા તમે પરમ ઈશ્વર છો, એ કારણથી તથા તમારી સ્થિતિના અજ્ઞાનથી પણ તમારી વિશેષ પ્રાર્થના કરવાને હું શક્તિમાન નથી.

इति संप्रार्थ्य देवेशं व्यायामार्थं बहिर्व्रजेत् ।
गत्वा शौचविधिं कृत्वा दन्तधावनमाचरेत् ॥ ८ ॥

એ પ્રમાણે પરમેશ્વરની પ્રાર્થના કરીને શરીરને વ્યાયામ (શ્રમ–કસરત) થવાને માટે ગામથી બહાર જવું. ત્યાં જઇ [2]શૌચવિધિ કરીને પછી દાતણ કરવું.

पुनर्गृहं समासाद्य स्नात्वा भुक्त्वा ततो बुधः
उद्योगं प्रत्यहं कुर्यात् नाना विद्याः समभ्यसेत् ॥ ९ ॥

પછી બહારથી ઘેર આવીને [3]સ્નાન કરીને ભોજન કરવું. તે પછી ડાહ્યા માણસે નિત્યપ્રતિ ઉદ્યોગ કરવો અને વિવિધ વિદ્યાઓનો અભ્યાસ કરવો.

विद्याभ्यासधनोद्योगौ पुरुषार्थावुभौ मतौ ।
धनोद्योगात्परं मन्ये विद्याभ्यासमिति स्थितिः ॥ १० ॥

જગતમાં મુખ્ય પુરૂષાર્થ બે માનેલા છેઃ એક વિદ્યાભ્યાસ,

---

૧. પ્રાતઃ સ્મરણાદિકનું આ ઉપલક્ષક વચન છે. ૨. શાસ્ત્રોક્ત શૌચવિધિનોજ આ સંક્ષેપ વચનથી અનુવાદ કર્યો છે એમ સમજવું.

૩ સ્નાન અને ભોજનની વચ્ચે બ્રાહ્મણાદિ વર્ણોએ કરવાના નિત્ય વિધિનો આથી નિષેધ સમજવાનો નથી, કેમકે સંક્ષેપમાં કહેવાના હેતુથી તથા ગ્રંથનો પ્રતિપાદ્ય વિષય ભિન્ન હોવાથી અહીં માત્ર આદ્યંત કર્મનું ગ્રહણ કર્યું છે.

અને બીજો ધનપ્રાપ્તિ માટે ઉદ્યોગ. તે બેમાં પણ ધનોદ્યોગ કરતાં હું વિદ્યાભ્યાસને શ્રેષ્ઠ માનું છું, કેમ કે ધન કરતાં વિદ્યાની શ્રેષ્ઠતા સ્થાપિત થયેલી છે.

शैशवेऽभ्यस्तविद्यः स्याद्यौवने धनसंग्रही ।
वार्द्धके निर्वृतिं प्राप्य गृह एव हरिं स्मरेत् ॥ ११ ॥

બાલ્યાવસ્થામાં મનુષ્યે વિદ્યાભ્યાસ કરવો; જુવાનીમાં ધનનો સંગ્રહ કરવો; અને વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ પામીને ઘેર રહીને જ હરિનું સ્મરણ કરવું. તાત્પર્ય કે વાનપ્રસ્થ અને સંન્યસ્ત કળિયુગમાં કૃતાકૃત છે, તેથી અનુકૂળતા ન હોય તો તે આશ્રમ ધારણ કરવાની આવશ્યકતા નથી.

आनुकूल्ये सतीदं स्यान्नोचेद्वृत्तिर्यथासुखम् ।
शक्तौ विद्यालयादीनां स्थापनैः पुण्यमर्जयेत् ॥ १२ ॥

ઉપર જે દિનચર્યાદિક બતાવ્યાં છે તે પણ અનુકૂળતા હોય તે પ્રમાણેજ આચરવાની છે, જો અનુકૂળતા ન હોય તો તો જેવી ગૃહસ્થાશ્રમની, શરીરની અને દેશકાળની અનુકૂળતા હોય તેમ વર્તવું. જેને દ્રવ્યાદિકવડે વિદ્યાલયાદિનું સ્થાપન કરવાની શક્તિ હોય તેણે તેમ કરીને પુણ્યપ્રાપ્તિ કરવી.

देयं दीनजनेभ्यश्च यथाशक्ति विचक्षणैः ।
नोपकारात् परो धर्मो यतः संकीर्त्यते बुधैः ॥ १३ ॥

ડાહ્યા પુરૂષોએ પોતાની શક્તિ પ્રમાણે ગરીબ માણસોને દાન આપવું; કેમ કે ઉપકારના કરતાં બીજો કોઇ પરમ ધર્મ પંડિતો કહેતા નથી. અર્થાત્ પરોપકાર એજ મોટો ધર્મ છે.

मित्रेष्वपि यथाशक्ति कुर्यादुपकृतिं नरः ।
निवेद्य हार्दमेतस्मै सुखमाप्नोत्यसंशयम् ॥ १४ ॥

મનુષ્યે પોતાના મિત્રો ઉપર પણ યથાશક્તિ ઉપકાર કરતા રહેવું, કેમ કે મિત્રનેજ પોતાનું હૃદ્‌ગત કહીને મનુષ્ય નિઃસંશય સુખ મેળવી શકે છે.

स्वसिद्धान्तानुसारेण येषां ज्ञानं प्रकाशते ।
परमित्राणि तान्यन्ये कार्यमित्राणि सन्ति हि ॥ १५ ॥

પોતાના સિદ્ધાંતને અનુસારે જેમનું જ્ઞાન પ્રકાશ પામતું હોય, એટલે જેમના સિદ્ધાંત આપણા સિદ્ધાંત સાથે મળતા આવતા હોય તેમને પરમ મિત્ર માનવા; કેમ કે બીજા જે મિત્રો હોય છે તે કાર્ય પરત્વે થયેલા હોય છે.

परमित्रेषु विश्वासमुपकारं समाचरेत् ।
अन्येषु तु यथाकार्यं परीक्षापूर्वकं चरेत् ॥ १६ ॥

જેઓ આપણા પરમમિત્ર હોય તેમના ઉપરજ વિશ્વાસ રાખવો તથા ઉપકાર કરવો. અને બીજા મિત્રો ઉપર તો જેવું જેવું કાર્ય હોય તેના પ્રમાણમાં તેમની પ્રથમ પરીક્ષા કર્યા પછીજ વિશ્વાસ રાખવો.

सुंदरीं रूपसंपन्नां दृष्ट्वा कन्यामुदुह्य ताम् ।
स्वसिद्धांतानुरूपां च कृत्वा संसारमाश्रयेत् ॥ १७ ॥

રૂપાદિ ગુણથી સંપન્ન સુંદર કન્યા જોઈને તેની સાથે લગ્ન કરવું, તથા તે પછી તેને પોતાના સિદ્ધાંતને અનુકૂળ કરીને તેની સાથે સંસાર માંડવો.

तत्र प्रीतिं परां कुर्वन् सुखमाप्नोत्यनंतकम् ।
एकस्य च सदा पुंसो भार्यात्वेकैव शस्यते ॥ १८ ॥

એવી પોતાના સિદ્ધાંતને અનુસરતી સ્ત્રીના ઉપર પરમ પ્રેમ કરવો, કેમ કે તેમ કરવાથી ઘણું સુખ મળે છે. એક પુરૂષે સર્વદા એકજ સ્ત્રી કરવી એજ સારૂં છે.

न सुखं बहुभार्यस्य व्यभिचाररतस्य च ।
नेश्वरेच्छा यतस्तस्माद्दूरतस्तत्परित्यजेत् ॥ १९ ॥

જે પુરૂષો ઘણી સ્ત્રીઓ પરણે છે, અને જેઓ વ્યભિચારાદિમાં આસક્ત છે તેમને સુખની પ્રાપ્તિ થતી નથી. કેમ કે તેમ કરવાની ઈશ્વરની ઈચ્છા નથી. એ આપણે શાસ્ત્રથી તથા યુક્તિથી પણ જાણીએ છીએ, માટે એ બંને બાબતોને છાંયડે પણ ઊભા રહેવું નહિ.

पुत्रादीनां सदभ्यासे शिक्षणे प्रत्यहं पिता ।
सावधानतया तिष्ठेदिति धर्मः परः स्मृतः ॥ २० ॥

ગૃહસ્થાશ્રમીએ પોતાના પુત્રાદિકને સદ્વિદ્યાનો અભ્યાસ કરાવવામાં તથા તેમનાં ધર્મનીતિ અને વ્યવહારાદિના શિક્ષણમાં સર્વદા સાવધાન રહેવું, કેમ કે એ પરમ ધર્મ કહેલો છે. અર્થાત્ પિતાને માથે એ એક ફરજ છે.

विश्वासघातं कस्यापि नाचरेज्जातुचिद्बुधः ॥
नानृतं तु वदेद्वाक्यं सत्यमेव सदाश्रयेत् ॥ २१ ॥

ડાહ્યા માણસે કોઇ પણ મનુષ્યનો વિશ્વાસઘાત કદાપિ પણ

કરવો નહિ; તેમ અસત્ય વાક્ય પણ બોલવું નહિ, પણ હમેશાં સત્યનુંજ અવલંબન કરવું.

सत्ये प्रतिष्ठिता कीर्तिर्व्यवहारस्तथैव च ।
सत्यरूपो हरिः साक्षात्तस्मात्सत्यं न लंघयेत् ॥ २२ ॥

સત્યમાં કીર્તિ રહેલી છે; વ્યવહાર પણ સત્યને આશ્રયીનેજ ચાલે છે; સાક્ષાત્ પરમેશ્વર પણ સત્ય રૂપ છે; આ કારણોને લીધે સત્યનું ઉલ્લંઘન કરવું નહિ.

स्वस्वामिकं वस्तुजातं विनाज्ञां तस्य नाहरेत् ।
हिंसा तु सर्वदा त्याज्या विनापत्तिं विचक्षणैः ॥ २३ ॥

કોઇ ધણિયાતી કાંઇ પણ વસ્તુ તેના માલિકની આજ્ઞા વિના લેવી નહિ. મરણપ્રાય વિપત્તિ આવ્યા સિવાય હિંસા પણ કદાપિ કરવી નહિ. કેમ કે હિંસા સર્વદા ત્યાજ્ય કહેલી છે.

मद्यादि मादकं नाद्यान्न कुप्येन्न च निष्ठुरम् ।
अनापदि वदेद्वाक्यं सदा प्रियहितं च यत् ॥ २४ ॥

મદ્યને આદિ લેઇને માદક પદાર્થ ખાવો નહિ; ક્રોધ કરવો નહિ; આપત્તિ આવ્યા સિવાય કઠોર વચન પણ બોલવું નહિ. પરંતુ સર્વદા પ્રિય લાગે એવું અને હિતકર એવું વચન બોલવું.

कृतज्ञता न संत्याज्या कदाचिदपि मानवैः ।
यावज्जीवं तु पितरौ भार्या पोष्या तथैव च ॥ २५ ॥

મનુષ્યોએ કરેલા ઉપકારનો ગુણ કદીજ ભૂલી જવો નહિ. તેમજ જીવતા સુધી પોતાનાં માબાપનું તથા સ્ત્રીનું પોષણ કરવું.

अम्या तु पित्रोः प्रीतिः स्याद्भार्यायास्तदनंतरम् ।
ततोऽपत्येषु च ततः पितृव्यादि कुटुंबिषु ॥ २६ ॥

માબાપને વિષે સૌના કરતાં વિશેષ પ્રીતિ રાખવી; સ્રીમાં તેનાથી ઉતરતી સમજવી; છોકરાં છૈયાંને વિષે અને કાકા આદિ કુટુંબીઓમાં યથાક્રમે પ્રીતિ રાખવી.

ततो ज्ञातिष्वपि ततो ग्रामे देशे ततः परम् ।
मनुजेषु तु सर्वेषु तारतम्यात्समुद्वहेत् ॥ २७ ॥

इति श्री रैकज्ञातिसमुद्भव राजारामतनूद्भव वैद्यनाथसूरिविरचिते ज्ञानदीपे तृतीयः किरणः ॥ ३ ॥

તે પછી સ્વજ્ઞાતિમાં, તે પછી ગામના લોકોમાં, સ્વદેશમાં અને સર્વ મનુષ્યોમાં જેમ ઘટે તેમ તારતમ્ય ભાવથી પ્રીતિ રાખવી.

એ પ્રમાણે રૈકવજ્ઞાતિમાં જન્મેલા રાજારામના પુત્ર વૈદ્યનાથ સૂરિએ રચેલા જ્ઞાનદીપમાં ત્રીજો કિરણ સમાપ્ત થયો.

चतुर्थः किरणः ॥

अथाहं संप्रवक्ष्यामि भूमेर्गोलत्वसिद्धये ।
वर्णितानां बहूनां तु दृष्टान्तानां विदांवरैः ॥ १ ॥

मध्ये चन्द्रोपरागं तु येन शंका निवर्त्तते ।
मन्दानामिह जंतूनां ज्ञानोत्पत्तिर्यतो भवेत् ॥ २ ॥

હવે પૃથ્વી ગોળ છે તે સિદ્ધ કરવા માટે પંડિતોએ જે અનેક દ્રષ્ટાંતો આપેલાં છે.

એ દ્રષ્ટાંતોમાંથી પ્રથમ હું ચંદ્રગ્રહણનું દ્રષ્ટાંત કહું છું કે જેથી મંદ બુદ્ધિનાં મનુષ્યોની શંકા દૂર થાય અને તેમને જ્ઞાનની ઉત્પત્તિ થાય.

अन्धा बोधयितुं शक्या बधिरा अपि युक्तिभिः ।
धर्मान्धबधिरा ये स्युः कष्टसाध्या हि ते नराः ॥ ३ ॥

જેઓ આંધળા હોય તેમને તથા જેઓ બહેરા હોય તેમને પણ યુક્તિ વડે સમજાવી શકાય; પણ ધર્મસંબંધી દુરાગ્રહથી જેઓ બીજાના ઉત્તમ ગ્રંથો જોતા નથી અથવા યુક્તિસિદ્ધ વચનો સાંભળતા નથી, એવાં ધર્માન્ધ બધિર મનુષ્યો કષ્ટસાધ્ય હોય છે. અર્થાત્ જેમ કષ્ટસાધ્ય વ્યાધિનું નિવારણ કરવાને વૈદ્યને બહુજ શ્રમ પડે છે તેમ એવા દુરાગ્રહીઓને સમજાવવાને પણ અતીવ શ્રમ પડે છે.

कथं चन्द्रोपरागो हि ज्ञायते बुद्धिमत्तमैः ।
गणितेन कया युक्त्या नियतं तद्विचार्यते ॥ ४ ॥

ચંદ્રનું ગ્રહણ થવાનું હોય છે તેને બુદ્ધિમાન પંડિતો ગણિત વડે કેવી યુક્તિથી બરાબર જાણી શકે છે તેનો વિચાર કરીએ છીએ.

तत्र ये पामरा मर्त्या तेषामित्थं विनिर्णयः ।
त्रिकालज्ञा हि मुनयस्तस्मादेतद्विभाव्यते ॥ ५ ॥

તેમાં જે પામર મનુષ્યો હોય છે તેઓ તો એમજ નક્કી કરી બેઠેલાં હોય છે કે મુનિઓ ત્રિકાલજ્ઞાની હોય છે તેથી ગ્રહણ થવાની વાત તેમનાથી સમજી શકાય છે.

न तेषां कैवलैर्वाक्यैर्ज्ञायते ग्रहणं बुधैः ।

किन्तूपपत्तिसंसिद्धैर्गणितैर्ज्ञायते हि तत् ॥ ६ ॥

પણ ખરૂં જોતાં એમ નથી; તેમનાં (પૂર્વે થઈ ગયેલા મુનિઓનાં) કેવળ વચનો ઉપરથી ગ્રહણ સમજાતું નથી. પણ ઉપપત્તિ વડે (કારણ સહિત) સિદ્ધ કરેલા ગણિતથી તે વાત સમજવામાં આવે છે.

उपपत्तिस्ततश्चेयं सूर्योधस्तद्यदा भवेत् ।

मध्ये भूमिस्ततश्चन्द्रश्छाया भूमेस्तु तं स्पृशेत् ॥ ७ ॥

ત્યારે હવે એ ઉપપત્તિ કેવી છે તે કહે છેઃ—સૂર્ય જ્યારે પૃથ્વીની નીચેની બાજુએ હોય, પૃથ્વી વચમાં હોય, અને ચંદ્ર સૂર્યથી વિરૂદ્ધ દિશા તરફ હોય ત્યારે પૃથ્વીની છાયાનો ચંદ્રને સ્પર્શ થાય છે.

निराधारा यदा भूमिर्गोलाकारा भवेत्तदा ।

ग्रहणं संभवेदेव नान्यथा तु कदाचन ॥ ८ ॥

જો પૃથ્વી નિરાધાર આકાશમાં રહેલી અને ગોળાકાર હોય તોજ આવી રીતે ચંદ્રગ્રહણ સંભવે, બીજી રીતે સંભવી શકે નહિ.

तेनैव गणितेनात्र ग्रहणं नियतं नरैः ।

विलोक्यते ततो भूमिः सिद्धा पूर्वोदितैव हि ॥ ९ ॥

અને એવી રીતે સૂર્ય, ભૂમિ અને ચંદ્રની સ્થિતિ તથા ગતિ માનીનેજ જે ગણિત કરવામાં આવે છે તેથીજ બરાબર કહેલે

વખતે ચંદ્રગ્રહણ આપણા જોવામાં આવે છે; તેથી પાછળ કહ્યું છે તેમ પૃથ્વી ગોળાકાર છે એજ સિદ્ધ છે.

निराधारा यदा भूमिः प्रत्यक्षेणानुभूयते ।

तदा शेषोऽप्यलीकः स्यात्तद्भ्राताऽपि तथैव हि ॥ १० ॥

હવે જો પૃથ્વી નિરાધાર છે એમ ગ્રહણાદિક ઉપપત્તિ દ્વારા આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ, ત્યારે પૃથ્વીને આધાર આપવા માટે જે શેષ નાગની કલ્પના કરી છે તે કલ્પનાજ ઠરે છે. અને શેષ જ્યારે મિથ્યા હોય ત્યારે તેનો ભાઈ પણ મિથ્યા ઠરે છે. મતલબ આ પ્રમાણે છેઃ–બળરામ શેષનો અવતાર કહેવાય છે. શેષ મિથ્યા ઠરે તો બળરામ પણ મિથ્યા અને તેના ભાઈ વાસુદેવ પણ મિથ્યા ઠરે છે[૧].

राहुर्यदि स्यात्तत्कर्त्ता स किं नियतगो न वा ।

अन्त्ये गणितवैयर्थ्यमाद्ये दिग्भेददूषणम् ॥ ११ ॥

પાછળ કહેવા પ્રમાણે ચંદ્રગ્રહણનું કારણ રાહુ નહિ, પણ પૃથ્વીની છાયા છે. જો રાહુજ સૂર્ય ચંદ્રના ગ્રહણોનો કર્ત્તા હોય તો તેમ કહેનારને પૂછીએ છીએ કે, તે રાહુ નિયમિત રીતે ગતિ કરનારો છે કે નથી ? જો નિયમિત ગતિ કરનારો નથી એમ કહેશે તો ગણિત નકામું થશે–ગ્રહણનો કાળ જાણવા માટે ગણિત કરી શકાશેજ નહિ; જો રાહુને નિયમિત ગતિ

---

૧ તાત્પર્ય એ છે કે પુરાણવચનો તેના શક્યાર્થમાં ગ્રહણ કરવા જતાં આવી અનર્થપરંપરા ઉત્પન્ન થાય છે માટે પુરાણનો વાસ્તવિક અર્થ સમજવા માટે પ્રસંગાનુસાર લક્ષણા કરવાની જરૂર છે.

કરનારો કહેશે તો દિગ્ભેદ દોષ આવશે. એક સરખી રીતે ગતિ કરનારો રાહુ કોઇ વાર તો પૂર્વથી પશ્ચિમમાં ગતિ કરે અને કોઈ વખત પશ્ચિમથી પૂર્વમાં ગતિ કરે એમ ગતિની દિશાઓમાં તફાવત પડે નહિ. પણ રાહુના સંબંધમાં તેવો તફાવત પડે છે, માટે રાહુને નિયમિત ગતિ કરનારો કહેવાય નહિ. જો કહે તો ઉપર કહ્યું તેવું દિગ્ભેદ (ગમનની દિશાઓમાં તફાવત) રૂપી દૂષણ ઊભું થાય.

શી રીતે દિગ્ભેદ થાય છે તે કહે છેઃ—

तथाहि तरणेर्ग्रासे स्पर्शः पश्चिमदिग्भवः ।
इंदोस्तु जायते प्राच्यामतश्छादकयुग्मता ॥ १२ ॥

જ્યારે સૂર્યનું ગ્રહણ થાય છે ત્યારે તેનો ગ્રાસ પશ્ચિમમાંથી થવા માંડે છે. (જાણે પશ્ચિમમાંથી રાહુ આવીને સૂર્યનો ગ્રાસ કરવા માંડતો હોય) અને ચંદ્રના ગ્રહણમાં પૂર્વ દિશા તરફથી ગ્રાસ થવા માંડે છે. આ કારણથી સૂર્ય અને ચંદ્રને ઢાંકનારા બે જુદા જુદા પદાર્થો છે,—

स्वीकृतो भास्कराचार्यैरविरोधस्तु यः खलु ।
अन्यथासिद्धरीत्यैव सोपहासं निरूपितः ॥ १३ ॥

એવો સ્વીકાર સિદ્ધાંત-શિરોમણિના કર્ત્તા ભાસ્કરચાર્યે કરેલો છે. એવી રીતે તેમણે જે અવિરોધ બતાવ્યો છે, તે પણ અન્યથાસિદ્ધ છે અને વાસ્તવિક જોતાં પુરાણોનો ઉપહાસ કરીને જ બતાવ્યો છે. અન્યથાસિદ્ધ કહેવાનું કારણ એ છે કે એક રાહુને નિયમિત ગતિવાળો કહીને સૂર્ય ચંદ્રનો જુદી જુદી

દિશામાંથી ગ્રાસ કરાવવો અસંભવિત લાગવાથી બે છાદક (સૂર્ય ચંદ્રને ઢાંકનારા) કલ્પીને ચલાવી લીધું. વળી બીજી રીતે કલ્પના કરીને ચલાવી લેઈ શકાય. ભાસ્કરાચાર્યે આ રીતે ઉપહાસ કરેલો છેઃ—

" राहुः कुभामंडलगः शशांकं शशांकगश्छादयतीनबिम्बम् ।
तमोमयः शंभुवरप्रदानात्सर्वागमानामविरुद्धमेतत् ॥ "

અર્થ—પૃથ્વીની છાયાના મંડળમાં રહેલો રાહુ સૂર્યને ઢાંકે છે. એ રાહુ શ્રી શંકરના વરદાનથી તમોમય એટલે અંધકાર રૂપ થઇને એ પ્રમાણે ચંદ્ર સૂર્યને ઢાંકે એમ કહેવાથી કોઇ શાસ્ત્રોને વિરોધ આવશે નહિ."

चन्द्रः पूर्वदिशं यातीत्यतः पश्चिमतो मतः ।
तरणेः प्रग्रहश्चेन्दोश्छायायाः पश्चिमे गतेः ॥ १४ ॥
पूर्वस्यां प्रग्रहः स्पष्टमन्वयव्यतिरेकतः ।
अनुभूतं भवत्येतत्तस्मात्सत्यं न संशयः ॥ १५ ॥

ચંદ્રની ગતિ પૂર્વ દિશા તરફ છે માટે સૂર્યનું ગ્રહણ પશ્ચિમ દિશા તરફથી લાગવા માંડે છે. પૃથ્વીની છાયાની પશ્ચિમ તરફની ગતિ હોવાથી ચંદ્રગ્રહણ પૂર્વ તરફથી લાગવા માંડે છે.

એ રીતે અન્વય વ્યતિરેકથી ગ્રહણનો સ્પષ્ટ અનુભવ થાય છે માટે પૂર્વે કહ્યું છે તેજ સત્ય છે. એમાં સંશય નથી. અર્થાત્ જો પૃથ્વીની છાયા સૂર્યથી વિરૂદ્ધ દિશામાં પડતી હોય, તે છાયાની ગતિ પશ્ચિમ તરફ થયા કરતી હોય, તો ચંદ્રનું ગ્રહણ પણ થાય અને તેને સ્પર્શ પણ પૂર્વ તરફથી લાગવા માંડે; પણ

જ્યારે તેમ નથી હોતું ત્યારે ચંદ્રનું ગ્રહણ પણ થતું નથી. એજ સૂર્ય ગ્રહણના સંબંધમાં પણ અન્વય વ્યતિરેક સમજવો.

काकतालमिवैतत्तु ये ब्रूयुः सोपपत्तिके ।
नियतं मुखमस्तीति न्यायेन प्रलपन्तु ते ॥ १६ ॥

આમ નિયમિત રીતે ગ્રહણની ઉપપત્તિ બની શકે છે, છતાં જેઓ તેના સંબંધમાં કાકતાલીય ન્યાયની પેઠે અકસ્માત (વગર કારણે) ગ્રહણ થાય છે એમ બોલતા હોય, તેઓ "मुखमस्तीति वक्तव्यम्" "મોઢું છે માટે ગમે તે કાંઇ બોલવું" એ ન્યાયથી ભલે ફાવે તે કહે, તે ઉપર કાંઇ વિચાર કરવાનું કારણ નથી.

सन्त्यन्यानि प्रमाणानि भूमेर्गोलत्वसिद्धये ।
प्रत्यक्षेणानुभूतानि गोलविद्भिः सुधीवरैः ॥ १७ ॥

ગોળાધ્યાયનો અભ્યાસ કરીને ગોળ-વિદ્યાને જાણનારા પંડિતોએ પ્રત્યક્ષ અનુભવેલાં બીજાં પણ ઘણાં પ્રમાણો પૃથ્વીને ગોળાકાર સિદ્ધ કરવા માટે છે.

नोपन्यस्तानि तान्यत्र विस्तराद्धि विरम्यते ।
यतश्चैवं ततोऽस्माकं पूर्वैः पंथाः शिवः स्मृतः ॥ १८ ॥

પણ તે સઘળાં અહીં આપવાથી વિસ્તાર થઇ જાય એ ભયથી તે બધાં અહીં આપતા નથી. આ રીતે પૃથ્વી ગોળ છે, એમ સિદ્ધ થાય છે તો પછી અમે પાછળ જે જે વિષયો કહ્યા છે તેજ હિતકારી છે એમ જાણવું.

एतद्विरुद्धं यैः प्रोक्तं तदलीकं न संशयः ।
न ते प्रामाणिकाः किंतु यतो लोकप्रतारकाः ॥ १९ ॥

અમોએ પાછળ જે કહ્યું છે તેનાથી જેઓ વિરુદ્ધ કહેતા હોય તે સઘળું અસત્ય છે એમ પણ નક્કી માનવું, તથા એ રીતે અસત્યનું કથન કરનારાઓને પ્રમાણભૂત માનવા નહિ, કેમ કે તેઓ લોકને ઠગનારા છે.

प्रतारकैस्तु वचनैः प्रतारितधियो नराः ।
पाशैर्बद्धा गलग्राहैः शकुंता इव लुब्धकैः ॥ २० ॥

એવા ઠગારાઓનાં વચનો વડે જેમની બુદ્ધિ ઠગાઇ છે એવા માણસોને, પારધિ લોકોએ પોતાના પાશમાં પકડીને ગળે ફાંસો ઘાલી બાંધેલા પક્ષીઓ જેવા જાણવા.

फलादेशैर्बहुविधैर्मन्त्रभूतादिवर्णनैः ।
सुवर्णादिक्रियोद्देशैः स्पर्शमण्यादिकीर्तनैः ॥ २१ ॥

કેવી જાતના પાશથી મનુષ્યોની બુદ્ધિને બાંધવામાં આવે છે તેનાં થોડાંક દ્રષ્ટાંતો આપે છેઃ—અનેક પ્રકારના ફલાદેશનું કથન કરીને, મંત્ર અને ભૂતાદિકનું વર્ણન કરીને, કીમીઓ કરીને સુવર્ણ આદિ મોંઘી ધાતુઓ કરી આપવાની ક્રિયાની વાતો કરીને તથા પારસમણિની વાતો કહીને લોકોને ભરમાવવામાં આવે છે.

मताग्रहैश्च विविधैश्छलैर्नानाविधैरपि ।
निगडेषु निबद्धानां जंतूनां मोक्षहेतवे ॥ २२ ॥

सत्कार्य करणायालं ग्रंथोऽयं मम जायताम् ।
कृपां संप्रार्थये नाथ सर्वज्ञ तव केवलाम् ॥ २१ ॥

इति श्री रैकज्ञाति समुद्भव राजाराम तनूद्भव वैद्यनाथसूरि विरचिते ज्ञानदीपे चतुर्थः किरणः ॥ ४ ॥

આવી રીતે અનેક પ્રકારના મતાગ્રહ ભોળાં માણસોની બુદ્ધિમાં સજડ દાખલ કરીને તથા અનેક પ્રકારના છળકપટ કરીને વહેમની બેડીમાં બાંધેલા મનુષ્યોને છોડવવાના હેતુથી આ ગ્રંથ કરવામાં આવેલો છે.

અને તે સત્કાર્ય કરવાને આ મારો રચેલો ગ્રંથ સફળ થાઓ. હે સર્વજ્ઞ પરમેશ્વર, હે નાથ, એટલા માટે કેવળ તમારી કૃપાનીજ પ્રાર્થના કરૂં છું.

એ રીતે રાયકવાળ જ્ઞાતિમાં જન્મેલા રાજારામના પુત્ર વૈદ્યનાથ સૂરિવિરચિત જ્ઞાનદીપમાં ચોથો કિરણ સમાપ્ત થયો.

पंचमः किरणः ॥

अथ ये ये फलादेशा वर्णितास्तत्र तत्र हि ।
अन्वयव्यतिरेकाभ्यां स्फुटं व्यभिचरन्ति ते ॥ १ ॥

હવે પાછળ કહેલા જે જે ફળાદેશ તે તે ગ્રંથોમાં વર્ણેલા છે, તે અન્વય વ્યતિરેકથી સ્પષ્ટ રીતે વ્યભિચાર પામે છે, એટલે મળતા આવતા નથી. કારણ હોય તો કાર્ય થવું જોઇએ એ અન્વય અને કારણ ન હોય તો કાર્ય પણ ન હોય એ વ્યતિરેક, આ સામાન્ય નિયમ મંત્રાદિમાં સર્વત્ર એકસરખો

દેખાતો નથી, એ તેમાં વ્યભિચાર કહેવાય છે. જેમ મંત્ર જપવાથી ધનપ્રાપ્તિ થાય, એમ કહેવામાં આવે છે, પણ મંત્ર જપનારને ધન નથી મળતું એમ પણ જોવામાં આવે છે, તથા મંત્ર ન જપનારને બીજી રીતે ધન મળે છે એમ પણ જોવામાં આવે છે.

नोपपत्तिस्तु काप्यत्र धौर्त्यात्तत्प्रतिपाद्यते ।
अतः प्रामाण्यमप्यत्र नायातीति विबुद्ध्यताम् ॥ २ ॥

એ ફલાદેશો ખરા છે એમ સિદ્ધ કરવાને કોઈ જાતની ઉપપત્તિ જોવામાં આવતી નથી—અર્થાત્ એનું ખરાપણું સકારણ સિદ્ધ કરવાનું કાંઈ સાધન નથી; માત્ર ધૂર્તતાથીજ તે પ્રતિપાદન કરવામાં આવે છે. એટલા માટે એ બાબત પણ પ્રમાણ નથી એમજ સમજવું.

अथ मंत्रा बहुविधाः संस्कृताः प्राकृताश्च ये ।
अचिन्त्यकार्यकरणं तेषां साधनतो भवेत् ॥ ३ ॥

હવે મંત્રોના સંબંધમાં વિચાર કરીએ. એ મંત્રો સંસ્કૃતમાં ને પ્રાકૃતમાં અનેક પ્રકારના હોય છે તથા તે સાધવાથી અચિંત્ય કાર્ય બને છે, એમ કહેવામાં આવે છે.

इति वादो मृषैव स्याद्भ्रांतिरेवात्र कारणम् ।
विचारणीयं विदुषां भवत्येव न संशयः ॥ ४ ॥

પણ એ સર્વ કથન મિથ્યાજ છે; એ મંત્રોના યોગથી જે કાંઇ ચમત્કાર બનતા જોવામાં આવતા હોય તો તે માત્ર

ભ્રાંતિજ છે, એવા બનાવ બનવાનું ખરૂં કારણ શું છે, તે વિદ્વાનોએ નિશ્ચય વિચારવા જેવું છે.

अनेककारणादीनामेकस्याभाव एव ते ।
न सिद्ध्यन्तीति वदतां नियमाभावदूषणम् ॥ ५ ॥

તે મંત્રો ફળ નથી આપતા ત્યારે એમ કહેવામાં આવે છે કે તે સિદ્ધ થવામાં જે અનેક કારણાદિ હોય છે તેમાંનું એકાદ ન હોવાથી તે સિદ્ધ થતા નથી. એમ કહેનારાઓને મતે 'નિયમાભાવ' નામે દૂષણ પ્રાપ્ત થાય છે.

एवं भूतादिविषयो विचारान्नैव सिद्ध्यति ।
अकृत्वा मनुजद्वारं नानुभूतो हि केनचित् ॥ ६ ॥

એજ પ્રમાણે ભૂતાદિ વિષય પણ વિચાર કરતાં સિદ્ધ થતો નથી–ખરો લાગતો નથી, કેમ કે ભૂતાદિ પણ મનુષ્ય દ્વારાજ જાણવામાં આવે છે–મનુષ્યને ભૂતનો વળગાડ થઈને તે પોતાનું અસ્તિત્વ જણાવે છે; પણ મનુષ્યને વળગ્યા સિવાય પ્રત્યક્ષ ભૂતાદિનો અનુભવ કોઈને થયો નથી. વળગાડમાં તો માનસ-વિકૃતિ આદિક અનેક કારણો કલ્પી શકાય છે. કેટલાક પ્રત્યક્ષ ભૂતાદિ દર્શનની પણ વાતો કરે છે, પણ તે વિચારવંતને શ્ર-દ્ધેય લાગતી નથી.

वनस्पत्यादिरसतो धात्वन्तर सुवर्णता ।
स्पर्शस्पर्शवशेनाऽपि वाग्विलासो हि केवलम् ॥ ७ ॥

વળી કેટલાક વનસ્પતિ આદિકના રસવડે હલકી ધાતુનું સોનું બનાવવાની વાતો કરે છે તેમજ પારસમણિના સ્પર્શવડે

લોહ આદિનું સોનું બની જવાની વાતો કરે છે, એ કેવળ વાણીનોજ વિલાસ છે. અર્થાત્ તેમાં સત્યતા જેવું કાંઇ નથી.

धात्वन्तरातिरिक्ता हि गुरुता केन साध्यते ।

तस्मात्पूर्वोक्तविषयपंचकस्याप्रमाणता ॥ ८ ॥

વનસ્પત્યાદિના રસથી સોનું નજ બની શકે તેનું કારણ આ પ્રમાણે છેઃ પદાર્થમાં રહેલાં વત્તાં ઓછાં પરમાણુઓના પ્રમાણમાં એક ધાતુ કરતાં બીજી ધાતુ હલકી ભારે હોય છે. જેમ ત્રાંબાનું વિશિષ્ટ ગુરૂત્વ ૧૦ હોય તો સોનાનું ૧૯ હોય, ઇત્યાદિ. હવે ત્રાંબાનું સોનું કરનાર વનસ્પતિના યોગથી તેનું સોનું કરે તથાપિ સોનામાં જે ભારેપણું જોઇએ તે કયાંથી આવી શકે ? તેમજ સ્પર્શમણિના સ્પર્શમાત્રથી લોઢાનું સોનું થઇ જાય તો તેમાં પણ ગુરૂત્વ કયાંથી આવી જાય ? એટલા માટે પાછળ કહેલા ફળાદેશ, મંત્રસિદ્ધિ, ભૂતાદિ, સુવર્ણસિદ્ધિ અને સ્પર્શમણિનો ચમત્કાર, એ પાંચે વિષય અપ્રમાણ છે.

प्रतारकादतत्त्वाच्च निर्मूलत्वाज्जगत्त्रये ।

उपलब्धेरभावाच्च विचारेणैव सेत्स्यति ॥ ९ ॥

એ સઘળી બાબતોનો આદર ઠગારા લોકો તરફથી થયેલો હોય છે; એમાં એકે બાબતનું મૂળ ત્રણે લોકમાં મળી આવતું નથી; તેમજ એ વિષયોની પ્રાપ્તિ કોઇને થતી નથી. એ ત્રણ કારણોને લીધે એ બાબતો અસત્ય છે એમ વિચાર કરવાથીજ જણાઇ આવશે.

न विचारविहीनानां शंका कापि निवर्त्तते ।

तस्माद्विचार एवात्र परं कारणमुच्यते ॥ १० ॥

જેઓ વિચાર કરતા નથી પણ એક બીજાનું સાંભળીને અંધ-પરંપરાથી વર્ત્યા કરે છે તેમની શંકા કદી દૂર થતી નથી. માટે આવી બાબતો સમજીને નિઃશંક થવાને વિચાર એજ ઉત્તમ સાધન છે.

पूर्वजन्मास्ति वा नेति विवदन्तेऽत्र वादिनः ।
नास्तीति बहवस्तत्र जगुरस्तीति केचन ॥ ११ ॥

પૂર્વ જન્મ છે કે નથી, એ વિષે પણ ઘણા વાદીઓ વિવાદ કરે છે. તેમાંના ઘણાક એમ કહે છે કે પૂર્વ જન્મ નથી; કેટલાક કહે છે કે છે.

नास्तीति ये तु मन्यन्ते तेषामेवं विनिर्णयः ।
आत्मा ज्ञानमयः शुद्धो देहान्तरमुपाश्रितः ॥ १२ ॥

જેઓ પૂર્વ જન્મ નથી એમ માને છે, તેમનો નિર્ણય એવો છે કે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને શુદ્ધ છે. એ આત્મા જો એક દેહ છોડીને બીજા દેહમાં જતો હોય તો-

तस्य पूर्वभवं ज्ञानं यतो नोत्पद्यतेऽण्वपि ।
ऐतिह्यस्याप्रमाणत्वात्ततो नास्तीति निश्चयः ॥ १३ ॥

તેને તેના પાછલા જન્મનું જ્ઞાન થવું જોઇએ; પણ તેવું જ્ઞાન ઉપજતું હોય એમ કાંઇ પણ જોવામાં આવતું નથી. જો કોઇ એમ કહેશે કે હમણાં એવું જોવામાં આવતું નથી, પણ ઇતિહાસો ઉપરથી પૂર્વભવનું જ્ઞાન જેમને ઉપજ્યું હોય એવી ઘણી વાતો સાંભળી છે, તો તે કહેવું પણ બરાબર નથી, કેમ કે

એવી ઈતિહાસની વાતો કાંઈ પ્રમાણ ગણાતી નથી. માટે પૂર્વ જન્મ નથી એજ નિશ્ચય છે.

ज्ञानाभावस्य हेतुत्वं न वक्तुं शक्यते बुधैः ।
यतोऽनुभूतमप्यस्मिन् भवे न स्मर्यते नरैः ॥ १४ ॥

વળી વાદી (પૂર્વ જન્મને ન માનનાર) જે એમ કહે છે કે પૂર્વ ભવ સંબંધી જ્ઞાન આ જન્મમાં હોતું નથી માટે પૂર્વ જન્મ નથી. એ રીતે જ્ઞાનનો અભાવ એ પૂર્વ જન્મ ન હોવાનું કારણ છે, એમ કહે છે તે પણ વિદ્વાનો માન્ય રાખી શકે એમ નથી; કારણ કે, એવી રીતે તો આ જન્મમાં પણ બાલ્યાવસ્થામાં જે અનુભવ થયો હોય છે તે મનુષ્યોને ઉત્તર વયમાં સાંભરતો નથી. પણ તે ઉપરથી બાલ્યાવસ્થા નહોતી એમ કાંઈ કહેવાતું નથી; તેમ પૂર્વજન્મની વાત ન સાંભરવા માત્રથીજ પૂર્વ જન્મ નથી એમ કહી શકાય નહિ.

अस्तीति च मतं येषां तेषामेवं हि युक्तयः ।
बालस्य स्तनपानादौ प्रवृत्तिर्नान्यथा भवेत् ॥ १५ ॥

હવે જેઓ ‘ પૂર્વ જન્મ છે ’ એમ માને છે તેઓ આવી યુક્તિઓ રજુ કરે છેઃ–જો પૂર્વ જન્મ ન હોત તો તરતના જન્મેલા બાળકને સ્તનપાન કરવાની (ધાવવાની) પ્રવૃત્તિ વગર શીખવ્યે થાય છે તે થાત નહિ. અર્થાત્ પૂર્વ જન્મનો અભ્યાસ એજ તેની સ્વતઃપ્રવૃત્તિમાં કારણ છે.

प्रवृत्तिर्नात्र हेतुः स्यात्प्रागुत्पन्नेति सा यतः ।
अनादित्वे प्रवाहस्य सर्वेषामीशतुल्यता ॥ १६ ॥

હવે પ્રતિવાદી પૂર્વ જન્મ છે એમ સિદ્ધ કરવામાં બાળકની સ્તનપાનમાં પ્રવૃત્તિ એ કારણ બતાવે છે; તો અમે કહીએ છીએ કે એ કારણ પણ બરાબર નથી. કેમ કે એવી પ્રવૃત્તિ એ પૂર્વ પૂર્વ અભ્યાસનું કાર્ય હોવું જોઈએ. અને એમ એક પ્રવૃત્તિનું કારણ તેની પૂર્વની પ્રવૃત્તિ, તેનું કારણ તેની પૂર્વની પ્રવૃત્તિ એમ અનવસ્થા દોષ ન ઉપજવાને જગત્ રૂપ પ્રવાહને અનાદિ માનવો પડશે. એમ માનવા જતાં જગત્કર્ત્તા જેવું કાંઈ ન રહેવાથી સર્વ ઈશ્વરતુલ્ય થશે. અને દોષનું નિવારણ કરવાને ઈશ્વર એવી પ્રવૃત્તિનું કારણ છે એમ કહેશો તો-—

न कारणत्वमीशस्य गौरवं चापि संभवेत् ।
तस्मादत्र विचारेण सिद्धं मान्यं विदां भवेत् ॥ १७ ॥

ઈશ્વરને એવી રીતે કારણ કહેવા જતાં 'ગૌરવ' દોષ આવશે. એટલા માટે આવા વિષયમાં વિચારથી જે સિદ્ધ થાય તે વિદ્વાનોએ માન્ય કરવું જોઈએ.

एवं सर्वं मया प्रोक्तं विचारात्सिद्धमेव हि ।
भ्रांतिश्चेदत्र विद्वद्भिः शोधनीयं प्रयत्नतः ॥ १८ ॥

એ પ્રમાણે વિચાર કરતાં જે સિદ્ધ થતું જણાયું છે તેજ સર્વ મેં કહ્યું છે. એમ છતાં 'ભ્રાંતિ એ પુરૂષધર્મ છે' એ ન્યાયથી કદાચિત્ એમાં પણ ભ્રાંતિ જેવું લાગતું હોય તો વિદ્વાનોએ યત્નથી તેને સુધારવું યોગ્ય છે.

संधुक्षिता ज्ञानदीपा ज्योतिः शास्त्रं शतघ्निका ।
तस्या गोलप्रहारेणानृतसैन्यं विनश्यति ॥ १९ ॥

આ જ્ઞાનદીપ ગ્રંથ રૂપી તોપને શાસ્ત્રરૂપ અગ્નિની જામગરી મૂકી છે. એ જ્ઞાનદીપશતઘ્ની (તોપ)માંથી નીકળતા સત્ય જ્ઞાન રૂપી ગોળાઓના પ્રહારથી અસત્ય રૂપી સૈન્ય નાશ પામે છે.

निष्कंटकोऽशर्कराल़ो ज्योतिर्मार्गस्त्वयं नृणाम् ।
हितावहो मया प्रोक्तो येन गच्छन्न दूष्यति ॥ २० ॥

આ જ્યોતિર્માર્ગ એટલે જ્ઞાન રૂપી દીવાથી પ્રકાશિત થયેલો, કાંટા અને કાંકરા વગરનો માર્ગ મનુષ્યોનું હિત કરનારો મેં કહ્યો છે. એ માર્ગે જનાર કોઇ પ્રકારના દોષમાં આવી પડતો નથી.

ग्रंथेऽस्मिन् सर्वविषया दिङ्मात्रेणोदितामया ।
तेषां विचारशोधाद्यैर्विस्तारः प्रतिबुद्ध्यताम् ॥ २१ ॥

આ પુસ્તકમાં સર્વે વિષયોનું દિગ્દર્શન માત્ર મેં કરાવ્યું છે. એજ વિષય ઉપર વિચાર કરીને તથા શોધ કરીને વિસ્તાર સમજી લેવો જોઇએ.

विचारविधुरस्यापि शोधने रहितस्य च ।
बुद्धिर्विफलतां याति कृपणस्य धनं यथा ॥ २२ ॥

જે લોકો વિચાર કરતા નથી તથા શોધ પણ કરતા નથી તેમની બુદ્ધિ કૃપણના ધનની પેઠે કશા કામમાં આવતી નથી.

घस्त्राणां पंचके पंचकिरणो ज्ञानदीपकः ।
रचितोऽत्र मया तेन संतुष्यन्तु परेश्वरः ॥ २३ ॥

આ જ્ઞાનદીપ નામે પાંચ કિરણવાળો ગ્રંથ મેં પાંચ દિવસમાં રચ્યો છે તેથી કરીને પરમેશ્વર પ્રસન્ન થાઓ.

विक्रमनरपतिशाके युगवसुधारंध्रभूमिते मासे ।
ऊर्ज्जेऽसितेह्यनंगे मन्दे मथुरापुरे समाप्तोऽयम् ॥ २४ ॥

આ ગ્રંથ વિક્રમના સંવત્ ૧૯૧૪ ના કાર્તિક વદી ૧૪ શનિવારે મથુરા નગરીમાં સમાપ્ત થયો છે.

नर्मदोत्तरतटे भृगोः पुरा क्रोशपंचदशसम्मितेऽन्तरे ।
रैक्वर्गपरिभूषितं पुरं शोभनं परिमलाभिधं हि तत् ॥२५॥

નર્મદાના ઉત્તર કિનારા ઉપર ભરૂચ શહેરથી પંદર ગાઉ ઉપર રાયકવાળ બ્રાહ્મણોના વર્ગથી વિભૂષિત આમોદ નામે શોભાયમાન નગરી છે.

रैक्कान्ववायजातो राजारामात्मजो हि तत्रत्यः ।
सूरिस्तु वैद्यनाथश्चकार ग्रंथं विदां विनोदाय ॥ २६ ॥

इति श्री रैक्कज्ञातिसमुद्भवराजारामतनूद्भववैद्यनाथसूरि–विरचिते ज्ञानदीपे पंचमः किरणः ॥ ५ ॥

તે ગામના રહેવાસી રૈકવ બ્રાહ્મણોના વંશમાં ઉત્પન્ન થયેલા રાજારામના પુત્ર વૈદ્યનાથસૂરિએ આ નિબંધ વિદ્વાનોને વિનોદ આપવા માટે રચ્યો છે.

એ પ્રમાણે રૈકવજ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા રાજારામના પુત્ર વૈદ્યનાથ સૂરિએ રચેલા જ્ઞાનદીપનો પાંચમો કિરણ સમાપ્ત થયો.

अथ ग्रंथकर्तृ श्रीमच्छास्त्रि वैद्यनाथस्य स्वरचितं वंशवर्णनम् लिख्यते ।

(ભાષાંતર કર્ત્તા શાંતિલાલ હરજીવન રાયચંદ. શાહ. આમોદ.)

આ ગ્રંથના કર્ત્તા શ્રીમાન્ શાસ્ત્રી વૈદ્યનાથનું પોતાનું રચેલું વંશવર્ણન આ નીચે આપવામાં આવે છે.

शार्दूलविक्रीडितम् ।

श्रीमनमाधवमादिकारणमहं नत्वातथा माधवम
मद्वंशप्रभवस्तदीयसकलो वंशोऽत्र संवर्ण्यते ।
विद्वांसः कवयः पराक्रममहाधीशालिनः सज्जनाः
संजाताः खलु यत्र रैक्कजलधौ रत्नानि केचिज्जनाः ॥ १ ॥

શ્રીમન્ માધવ અર્થાત્ કૃષ્ણને તેમજ આ વંશના આદિ કારણ માધવ ભટ્ટને નમસ્કાર કરીને મારા વંશની ઉત્પત્તિ તથા તે સકળ વંશનું વર્ણન કરૂં છું. આ વંશમાં રૈકવજ્ઞાતિરૂપ સાગરમાં રત્નરૂપ એવા ઘણા વિદ્વાનો, કવિઓ, સ્વપરાક્રમથી મહાબુદ્ધિમાન સિદ્ધ થયેલા સજ્જન પુરૂષો, જન્મ્યા છે. ૧.

शिखरिणी वृत्तम् ।

कनेराख्यग्रामे वसतिरभवत्तस्य च पुरा
कदाचित्तं ग्रामं परिहृतवतः कारणवशात् ।
मुदामोदाभिख्ये नगरवर एव स्थितिरभूत्
तदीयो वंशोऽसावजनि विपुले चात्र नगरे ॥ २ ॥

તેમનું પ્રથમ નિવાસ-સ્થાન કનેરા નામે ગામ હતું. કાંઈ કારણને લીધે પાછળથી તે ગામને છોડીને તે પછી મોદ આપ-

વાથી આમોદ જેનું નામ પડેલું છે એવા સુંદર આમોદ નગરમાં તેઓ રહેવા આવ્યા અને આ વિશાળ નગરમાં તેમનો વંશ વૃદ્ધિંગત થયો. ૨.

रथोद्धता वृत्तम् ।

माधवस्य तनुजावुभौ गुणैः संगतौ हि हरिविष्णुतुल्यताम् ।
अग्रजो विजयशंकराभिधस्तत्कनिष्ठहरिशंकराह्वयः ॥ ३ ॥

માધવ ભટ્ટના બે પુત્રો સ્વગુણે કરીને હરિ અને વિષ્ણુ જેવા હતા. જ્યેષ્ઠ પુત્રનું નામ વિજયશંકર અને નાના પુત્રનું નામ હરિશંકર હતું. ૩.

ज्येष्ठ एष तनयोऽस्य सर्वदा पालनाथपरिपूजने रतः ।
तत्प्रभावमधिगम्य राजतो वृत्तिभाक् सकललोकपूजितः ॥४॥

તેમાંનો મોટો પુત્ર નિરંતર પાલનાથ (પાળેશ્વર મહાદેવ)ની પૂજામાં નિમગ્ન રહેતો. તેના પ્રભાવવડે રાજ્ય તરફથી વર્ષાસન મેળવીને તે સર્વજનોના સંમાનનીય થયા. ૪.

उपेन्द्रवज्रा वृत्तम् ।

पुराणविद्याकुशलो द्वितीयो बभूव योऽसौ हरिशंकराह्वः ।
स वेतनं राजत एव लब्ध्वा निनाय वंशं त्रिपुलां प्रतिष्ठाम् ॥५॥

બીજા પુત્ર જેમનું નામ હરિશંકર હતું તે પુરાણ અને વિદ્યાઓમાં પારંગત હતા. તેમણે પણ રાજ્યવેતન પ્રાપ્ત કરીને વંશને અતીવ પ્રતિષ્ઠાવાન્ કર્યો. ૫.

द्रुतविलंबित वृत्तम् ।

विजयशंकरसूनुचतुष्टयम् समभवत्पुरुषार्थचतुष्टयम् ।
तदवलोकनकौतुकसंभ्रमो हृदि मुदं समवाप ततः पिता ॥६॥

વિજયશંકરના ચાર પુત્રો પુરૂષાર્થ—ચતુષ્ટય જેવા હતા અને તેમના પિતા જેમને પુત્રોને જોવાથી કુતૂહલમિશ્રિત સંભ્રમ ઉત્પન્ન થતો હતો, તે હૃદયમાં ઘણો આનંદ પામતા હતા. ૬.

आर्यागीतिः ।

तत्राद्यः शिवभट्टो घनभट्टाख्यस्ततोऽनुसंजातः ।
लीलभट्टस्तत एवं जयशंकरसंज्ञकोऽभवत्तुर्यः ॥ ७ ॥

તેમાં પ્રથમ શિવભટ્ટ હતા. તેમના અનુજ ઘનભટ્ટ થયા તે પછી લીલભટ્ટ જન્મ્યા અને ચોથા પુત્ર જયશંકર નામના હતા.૭.

आद्यत्रयस्य वंशाभावो जयशंकरस्य वंशोऽसौ ।
तस्य सुतानामाद्यो राजारामाभिधो हि पंचानाम् ॥ ८ ॥

આમાંના પ્રથમ ત્રણ અપ્રજ થયા. અને તેથી આ બધો જયશંકરનો વંશ છે. તેમને પાંચ પુત્રો હતા અને તેમાં સર્વેથી મ્હોટા રાજારામ નામે હતા. ૮.

तदनुभवानंदाख्यस्ततोऽभवत्कृष्णरामनामाख्यः ।
गोविंदरामपरमानंदाविति पञ्च संज्ञकाः ख्याताः ॥ ९ ॥

તેમના નાનાભાઈ અનુભવાનંદ નામે હતા. તે પછી કૃષ્ણ-રામ નામે થયા, તેમના અનુજ ગોવિંદરામ નામે હતા. અને કનિષ્ઠ ભ્રાતા પરમાનંદ નામે હતા. ૯.

शार्दूलविक्रीडितम् ।

राजारामसुतः कणादमुनिकृच्छास्त्रे कृतातिश्रमः
साहित्ये निपुणः कविः समभवद्यो वैद्यनाथाभिधः ।
एको वल्लभवंशरत्नसमुदाचारान्महाराजतः
श्रीमज्जीवनसंज्ञकात्किलतिरयं प्राप्तः परां जीविकाम् ॥ १० ॥

રાજારામના પુત્ર વૈદ્યનાથ[1] નામે થયા તે કણાદમુનિકૃત ન્યાયશાસ્ત્રમાં વિશારદ થયા. તેમજ સાહિત્યમાં નિપુણ અને કવિ બન્યા. વલ્લભવંશજ રત્નરાશિરૂપ શ્રીમન્ જીવણલાલજી મહારાજ પાસેથી—કૃતાર્થ થયેલા એવા તેમણે નિર્વાહ સાધન પ્રાપ્ત કર્યું ૧૦.

आर्यागीतिः ।

सत्संगविजय नाटक मिथ्याचारप्रहसने चापि ।

कृतवान्यो ज्ञानदीपं ग्रंथं विदुषां मनोहरं नितराम् ॥ ११ ॥

તેમણે **સત્સંગવિજય** નાટક તથા **મિથ્યાચાર પ્રહસન**[2] રચ્યાં; અને વિદ્વાન જનોનાં મનોરંજક **જ્ઞાનદીપ** નામના આ ગ્રંથને રચ્યો ૧૧.

उपजाति वृत्तम् ।

काशीजगन्नाथगयादितीर्थवरेषु यात्रां स्वपितुः प्रयत्नात् ।

यः कारयामास च सर्वमेतच्छ्रीजीवनेशस्य कृपाबलेन ॥ १२ ॥

જીવનલાલજી મહારાજની કૃપાબલથી તેમણે પોતાના પિતાને પ્રયત્ન પૂર્વક કાશી જગન્નાથ ગયા ઇત્યાદિ સર્વ મહાતીર્થોની યાત્રા કરાવી ૧૨.

वैतालीयवृत्तम् ।

स्वपितर्युपरामशालिनि कृतवान्यः खलु ज्ञातिमेलनम् ।

द्विसहस्रव्ययं तदा परमोदारमनाश्चकार सः ॥ १३ ॥

જ્યારે તેમના પિતા અવસાન પામ્યા ત્યારે જ્ઞાતિસંમેલન (નાતમેળો) કર્યું. ઘણા ઉદાર મનવાળા તેમણે તે પ્રસંગે બે હજાર રૂપીઆ ખરચ્યા ૧૩.

---

૧ આ ગ્રંથ તથા આ શ્લોકોના બનાવનાર પોતે.

૨ 'મિથ્યાચાર પ્રહસન' ગ્રંથ ઘણો નાનો હોવાથી છપાવ્યો નથી. વળી નિશ્ચયાબ્ધિ નામે ગ્રંથ તેમણે રચ્યો છે એમ જ્ઞાનદીપમાં તેમણે જણાવ્યું છે પણ તે હાથ લાગતો નથી.

इति तथ्यमिदं मयोदितं स्वगुणोत्कर्षवशान्न किंचन ।
न हि मत्सरवर्जिता नराः परदोषं प्रति दत्तचक्षुषः ॥ १४ ॥

આ પ્રમાણે મેં સર્વ સત્ય વાત કહી છે. તેમાં કાંઇ પણ આત્મ-શ્લાઘાની ઇચ્છા નથી. ખરેખર મત્સરરહિત જનો પારકાના દોષ તરફ જોતા નથી[1] ૧૪.

भुजंगप्रयातवृत्तम् ।

भवानंदपुत्रोऽग्रजः कालिदास स्तथा सूर्यरामाह्वयोऽसौ द्वितीयः ।
सुतः कालिदासस्य यस्त्र्यंबकाख्योऽभवन्नापरस्यास्ति पुत्रप्रजा तु ।१५।

હવે ભવાનંદના[2] બે પુત્રોમાં કાલીદાસ મોટા હતા અને તેમના નાનાભાઇ સૂર્યરામ નામે હતા, કાલીદાસને ત્ર્યંબકલાલ નામે પુત્ર હતા અને બીજાને પુત્ર સંતતિનો અભાવ હતા ૧૫.

रथोद्धता वृत्तम् ।

कृष्णरामतनयास्त्रयः स्मृता राजसेवनपराः पराक्रमैः ।
अग्रजो हि भगवानभूत्परो रामचंद्र इति सद्गुणाश्रयः ॥ १६ ॥

---

૧ એ પ્રમાણે આ ગ્રંથકારે વિ. સંવત્ ૧૯૩૮ માં આ વર્ણન લખ્યું છે, અને તેમાં પોતાની જાત પછી આજસુધીમાં તેમના વંશમાં કોણ કોણ થયું તે જણાવવામાં આવ્યું નથી.

શાસ્ત્રીજીને ત્રણ પુત્રો થયા હતા પણ તે ત્રણે બાલ્યાવસ્થામાંજ ગુજરી ગયા હતા, અને દીકરીયો ચાર હતી. તેમાં ત્રણ વિધવા થઇ હતી અને ચોથી રૂક્ષ્મણી સધવા છે તેને કૃષ્ણચંદ્ર નામે એક પુત્ર છે જે હાલ સોળ વર્ષની ઉમરનો છે. વિધવા દીકરીયો પૈકી જીવકોર તથા કાશી બ્હેન ગુજરી ગયાં છે અને બાણીઓ હયાત છે જે તેમનો ગૃહવ્યવહાર શાસ્ત્રીજીની હયાતીથી તે આજ સુધી કુશળતાપૂર્વક ચલાવ્યે જાય છે. ૨ અનુભવાનંદ જુઓ શ્લોક ૯.

વળી કૃષ્ણરામના[1] ત્રણ પુત્રો હતા. તે સર્વે સ્વપરાક્રમવડે રાજાની સેવામાં તત્પર રહેતા હતા. તેમાં પ્રથમ ભગવાન નામે હતા અને દ્વિતીય, સર્વ સદ્‌ગુણના રાશિરૂપ રામચંદ્ર થયા. ૧૬.

आर्यागीतिः ।

नारायणस्तृतीयो भगवत्पुत्रस्तु लालशंकरः ।
नारायणस्य चैकः पुत्रोबालः स वर्तते ह्यधुना ॥ १७ ॥

તૃતીય પુત્ર નારાયણ ભટ્ટ નામે હતા. ભગવાનના પુત્ર લાલશંકર છે. નારાયણ ભટ્ટને એક પુત્ર છે તે બાલ્યાવસ્થામાં છે. ૧૭.

अनुष्टुब्वृत्तम् ।

गोविंदरामः स्वल्पायुरष्टाविंशतिवत्सरम ।
भुक्त्वायुः समवापाशु निधनं स्वीयदुःखदम ॥ १८ ॥

અલ્પ આયુવાળા ગોવિંદરામ[2] અઠ્ઠાવિસ વરસ જીવ્યા પછી સ્વજનોને દુઃખદ એવા મૃત્યુને પામ્યા. ૧૮.

उपगीतिः ।

गिरिजाशंकरनामा परमानंदात्मजश्चैकः ।
तस्यैकः सुत आस्ते बालोह्यधुनैव संजातः ॥ १९ ॥

પરમાનંદના એક પુત્ર ગિરિજાશંકર નામે હતા. તેમને એક પુત્ર છે. તે હમણાંજ જન્મ પામેલો છે. ૧૯.

स्वागता वृत्तम् ।

वर्णितो विजयशंकरवंशः सांप्रतं हि हरिशंकरवंशम ।
वर्णयामि हरिशंकरपुत्रो द्वौ सतां गुणगणैर्बहुमान्यौ ॥ २० ॥

અત્યાર સુધી મેં વિજયશંકરના વંશનું વર્ણન આપ્યું હવે

---

૧ જુઓ શ્લોક ૯.   ૨ જુઓ શ્લોક ૯ મો.

હું હરિશંકરના[1] વંશને વર્ણવીશ, હરિશંકરના બે પુત્ર સ્વગુણ-રાશિવડે સત્પુરૂષોના બહુમાન્ય થયા. ૨૦.

उपजाति वृत्तम् ।

एको जगन्नाथ इति प्रसिद्धः परस्तु नाम्ना खलु विश्वनाथः ।
द्वौ द्वौ द्वयोः पुत्रवरौ प्रजातौ वदामि नामानि गुणांश्च तेषाम् ॥२१॥

એક જગન્નાથ એ નામે વિખ્યાત હતો અને બીજો વિશ્વનાથ નામે હતો. તે બેમાંથી દરેકને બે બે પુત્ર હતા, તેમનાં નામ તથા ગુણ હું કહું છું. ૨૧

भुजंगप्रयात वृत्तम् ।

जगन्नाथपुत्रो दयानाथनामा प्रजोभाग्यवान राजतो ग्राममेकम ।
स्वयं मंत्रशास्त्रित्वमासाद्य लब्ध्वा ययौ रैकवर्गे प्रतिष्ठाप्रभूमिम् ।२२।

જગન્નાથના પુત્ર દયાનાથ નામે હતા, તેમણે મંત્રશાસ્ત્રીનું પદ મેળવ્યું. વળી ભાગ્યવાન્ એવા તે રાજ્ય તરફથી અગ્રહાર (ઇનામી જાગીર) તરીકે એક ગામ મેળવીને તે સ્વજ્ઞાતિમાં પ્રતિષ્ઠાવાન્ થયા. ૨૨.

आर्यागीतिः ।

तस्य न चौरसपुत्रो भ्रातृसुतस्तेनदत्तकोऽकारि ।
त्र्यंबकनाथः सुतरां कणादशास्त्रे कृतश्रमो विनयी ॥ २३ ॥

તેમને ઔરસ પુત્ર ન હોવાથી તેમણે સ્વભ્રાતાના પુત્રને દત્તક લીધો. તે વિનયી ત્ર્યંબકનાથે અતિ શ્રમથી કણાદ મુનિના બનાવેલા ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૨૩.

---

[1] જુઓ શ્લોક ૩ જો.

बदरीनाथस्तस्माज्जातो विद्याविवेकसंपन्नः ।
दीपाद्दीपइवासौ स्वजनकतुल्यो गुणाग्रजोधीरः ॥ २४ ॥

તેને બદરીનાથ નામે વિદ્વાન્ અને વિવેકી પુત્ર થયો. જેમ જ્યોતિર્મય દીપમાંથી જ્યોતિર્મય દીપ જન્મે છે. તેમ તે પણ પોતાના પિતા તુલ્ય, ગુણમાં શ્રેષ્ઠ અને ધીર છે. ૨૪.

भोलानाथसमाख्यः कनिष्ठपुत्रोऽभवज्जगन्नाथात् ।
तस्य सुताः सन्त्यधुना शिवनाथहरिनाथनागेशाः ॥ २५ ॥

જગન્નાથને[1] ભોળાનાથ નામના બીજા નાના પુત્ર હતા. તેમના હાલ શિવનાથ, હરિનાથ અને નાગેશ નામે પુત્રો છે. ૨૫.

बालो हरिनाथसुतो नागेशस्यापि चैक एवास्ते ।
सुत इति सम्पूर्णतया वर्णितवंशो जगन्नाथः ॥ २६ ॥

હરિનાથનો પુત્ર બાળક છે અને નાગેશ્વરને પણ એક પુત્ર છે. આ રીતે મેં જગન્નાથના વંશનું સંપૂર્ણ રીત વર્ણન કર્યું. ૨૬.

लक्ष्मीनाथो दीनानाथ इति द्वौ हि विश्वनाथस्य ।
पुत्रौ तत्र च लक्ष्मीनाथसुतानामयं महावंशः ॥ २७ ॥

વિશ્વનાથના[2] બે પુત્ર લક્ષ્મીનાથ તથા દીનાનાથ નામે હતા. અને હવે આ વંશ લક્ષ્મીનાથના પુત્રોનો છે. ૨૭.

उपजाति वृत्तम् ।

आपाभिधस्याद्यसुतस्य पुत्रो नाभूत् सुतौ द्वौ खलुरामनाथात् ।
जातौ तदाद्यः सुतःकेशवाख्योऽपरोहि नाम्ना ननुमूलजिच्च ॥२८॥

આપા (ભટ્ટ) નામના તેમના પ્રથમ પુત્રને સુત–સંતતિ ન હતી. બીજા પુત્ર રામનાથ નામના હતા. તેમને બે પુત્ર હતા. તેમાંના પહેલાનું નામ કેશવ હતું અને બીજાનું નામ મૂલજી હતું. ૨૮.

૧–૨ જુઓ શ્લોક ૨૧.

भुजंगप्रयातवृत्तम् ।

सुतो रामकृष्णाभिधः केशवस्य
तत: काशीनाथस्य लल्लूसमाख्यः ।
तथा कृष्णनाथस्य दामोदराख्यो
ह्यभूत्पुत्र एकस्तु तस्यापि नूनम ॥ २९ ॥

કેશવને રામકૃષ્ણ નામના પુત્ર હતા. પછી કાશીનાથને લલ્લુ નામના પુત્ર થયા. તદનંતર કૃષ્ણનાથને દામોદર નામે તનુજ હતા. અને તેમને પણ એક પુત્ર હતો. ૨૯.

आर्यागीतिः ।

लक्ष्मीनाथसुतानामयमपि वंशोहि वर्णितोऽस्ति मया ।
वंशं दीनानाथं सुपराक्रमशालिनं वक्ष्ये ॥ ३० ॥

આ બધો મેં લક્ષ્મીનાથના પુત્રોનો વંશ વર્ણવ્યો, હવે હું દીનાનાથના[1] સુપરાક્રમશાળી વંશને વર્ણવીશ. ૩૦.

शार्दूलविक्रीडितम् ।

दीनानाथ समाह्वयः समभवद्यो ग्रन्थकर्ता महान्मान्यः
सत्कृतितुष्ट साधुसहजानंदेन साहाय्यवान् ।
शिक्षापत्र्यभिधाद्यनेकशुचिसंदर्भान् सतां प्रीतिदान्
सद्गुत्तयोद्धवसंप्रदायघटनां चक्रे महाबुद्धिमान ॥ ३१ ॥

દીનાનાથ પોતે ઘણા માન્ય અને મહાન્ ગ્રંથકર્તા થયા. તેમને તેમના સત્ કાર્યથી પરિતુષ્ટ થયેલા સહજાનંદ મહારાજે સહાય આપી. તેમણે શિક્ષાપત્રી ઇત્યાદિ ઘણા સદ્વસ્તુસંગ્રહરૂપ અને સજ્જનોને પ્રીતિ ઉપજાવે એવા ગ્રંથો લખ્યા, અને મહાબુદ્ધિમાન એવા તેમણે ઉદ્ધવ સંપ્રદાયની ઘટના કરી. ૩૧

---

૧ જુઓ શ્લોક ૨૭.

आर्यागीतिः ।

सहजानंदाल्लब्ध्वा धनमधिकं ज्ञातिमेलनं द्वंद्वम् ।
कृतवांस्ततः पुरासौ माहात्म्यं डंकपत्तनस्यापि ॥ ३२ ॥

સહજાનંદ મહારાજ પાસેથી ઘણું ધન મેળવી તેમણે એ જ્ઞાતિસંમેલનો કર્યો. એમણે પહેલાં ડાકોર મહાત્મ્ય પણ રચ્યું હતું. ૩૨.

भुजंगप्रयात वृत्तम् ।

त्रयस्तस्य पुत्रा बभूवुस्तदाद्यो गणेशाभिधो रामचंद्रो द्वितीयः ।
तृतीयस्तथा गोपिनाथा ह्ययोऽयं न चाद्यस्य पुत्रप्रजास्त्यत्रनूनम् ३३

તેને ત્રણ પુત્રો થયા, તેમાંના પ્રથમનું નામ ગણેશ હતું. તેમના અનુજનું નામ રામચંદ્ર અને કનિષ્ઠ ભ્રાતાનું નામ ગોપીનાથ હતું. આમાંના પ્રથમને પુત્ર-પ્રજા નથી. ૩૩.

रथोद्धता वृत्तम् ।

रामचंद्रतनयावुभौ स्मृतौ गोपिनाथ तनयोऽस्ति चैकलः ।
इत्थमेव गदितामयान्वयो माधवस्य बहुपुण्यशालिनः ॥ ३४ ॥

રામચંદ્રને બે પુત્રો છે અને ગોપીનાથને માત્ર એકજ પુત્ર છે. આ પ્રમાણે મહાપુણ્યશાલી માધવથી ઉત્પન્ન થયેલા એવા મારા વંશનું મેં વર્ણન કર્યું છે. ૩૪.

पुष्पिताग्रा वृत्तम् ।

जयति जगति माधवीयवंशो विमलधियः किल यत्र संबभूवुः ।
कतिचन पुरुषाः श्रुताः प्रवीणाः कृतिकुशलास्तु विभूषयन्ति वंशम् ३५

જે વંશમાં નિર્મળ બુદ્ધિવાળા પુરૂષો થયા તેવા આ માધવ ભટ્ટના વંશનો આ જગત્માં વિજય થાઓ. ઘણાક વિદ્વાન,

વિશારદ, બહુશ્રુત અને કાર્યદક્ષ નરોએ આ વંશને વિભૂષિત કર્યો છે. ૩૫.

आर्यागीतिः ।

८ ३ ९ १

वसुगुणनंदेन्दुमिते विक्रम वर्षेऽत्र वैद्यनाथेन ।

राजारामसुतेन स्वान्वयदीपः कृतः सुरम्योऽयम ॥ ३६ ॥

આ મનોહર વંશાવળી રાજારામના પુત્ર વૈદ્યનાથે વિક્રમ સંવત્ ૧૯૩૮માં લખી ૩૬.

इति सम्पूर्णम वैद्यनाथवर्णितं वंशवर्णनम ।

ઇતિ વૈદ્યનાથ વર્ણિત વંશવર્ણન સંપૂર્ણ થયું.

श्लोक ।

वैद्यनाथस्य शिष्येण हरिजिन्नामधारिणा ।

तेनेदं लिखितं सर्वं सुगन्धपुरवासिना ॥ १ ॥

સુગંધપુર (આમોદ) માં રહેનાર હરજીવન નામના વૈદ્યનાથના શિષ્યે આ સર્વ લખ્યું છે ૧.

प्रीयतां मे गुरुः श्रीमान प्रीयन्ताम तत्कुटुम्बिनः ।

प्रीयतां भगिनी काशी श्रुत्वेमां मम प्रार्थनाम ॥ २ ॥

મારી પ્રાર્થના સાંભળીને શ્રીમાન્ મારા ગુરૂ, તેમના કુટુમ્બિજનો અને કાશી બ્હેન પ્રસન્ન થાઓ. ૨.

इति लेखकप्रार्थना ।